Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

મનમાં નિઃશંક માનજો કે ગરીબાઈ એ અપમાન નથી. લંગોટીમાં પણ શરમાવા જેવું નથી. ખુરશી ટેબલ વગેરે સરસામાનના અભાવમાં લેશમાત્ર અસભ્યતા નથી. ધનસંપત્તિ, વ્યાપાર વાણિજ્ય અને ફર્નિચરની બહોળપને જ જેઓ સભ્યતાનું લક્ષણ કહેતા ફરે છે તેઓ જંગાલિયતને જ સભ્યતા ગણાવી સ્પર્ધા કરે છે. ખરી રીતે સાચી સભ્યતા શાંતિ-સંતોષમાં, મંગલમાં, ક્ષમામાં અને જ્ઞાન-ધ્યાનમાં જ છે. સહિષ્ણુ બની, સંયમી થઈ, પવિત્ર રહી, નિજમાં જ નિજને સમાવી, બહારના બધા જ શોરબકોર અને આકર્ષણને તુચ્છ ગણી પરિપૂર્ણ શ્રદ્ધાપૂર્વક એકાગ્ર સાધનાદ્વારા પૃથ્વીના આ પ્રાચીન દેશના સાચા સપૂત થવા, પ્રથમ સભ્યતાના અધિકારી બનવા અને પરમ બંધનમુક્તિનો આસ્વાદ માણવા તૈયાર થાઓ.

—રવીન્દ્રનાથ ટાગોર

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૬
અંક ૧૦-૧૧

શ્રાવણ-ભા.
સં. ૨૦૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषयानुक्रम


| | | | |
|---|---|---|---|
| ૧ | तृष्णावधिं को गतः ? | | ૧૪૧ |
| ૨ | પર્વાધિરાજ પર્યુષણ મહોત્સવ | (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી) | ૧૪૨ |
| ૩ | ચતુર્વિંશતિકા–સાર્થ | (પં. શ્રી સુશીલવિજયજી ગણી) | ૧૪૩ |
| ૪ | જીવન અને તત્વજ્ઞાન | (પ્રા. જયંતિલાલ ભા. દવે M. A.) | ૧૪૪ |
| ૫ | આચારાંગ સૂત્ર–૩ | (અનુ. કાંતિલાલ જે. દોશી) | ૧૪૭ |
| ૬ | વાંચન દ્વારા શિક્ષણ | (અનુ. શ્રી વિઠલદાસ મૂ. શાહ) | ૧૪૯ |
| ૭ | જૈનો અને અહિંસાતત્ત્વ | (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી) | ૧૫૩ |
| ૮ | ગુજરાતના કેટલાક તીર્થસ્થાનો (સેંધા–પેઢા) | (મુનિરાજશ્રી વિશાળવિજયજી) | ૧૫૪ |
| ૯ | શ્રવણભક્તિના લાભ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૫૬ |
| ૧૦ | શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજી | (શ્રી અમરચંદ માવજી શાહ) | ૧૫૯ |
| ૧૧ | સમાચાર સાર | | ૧૬૪ |
| ૧૨ | સ્વીકાર–સમાલોચના | | ટા. પે. ૩ |


## આવતો અંક

આ વખતનો "શ્રી આત્માનંદ પ્રકાશ" નો અંક શ્રાવણ–ભાદરવાના અંક ૧૦–૧૧ તરીકે પ્રસિદ્ધ થાય છે. એટલે હવે પછીનો આસો માસનો અંક તા. ૧૫ મી ઓકટોબરના રોજ પ્રસિદ્ધ થશે.

## લેખકોને વિનંતિ

૧ આ માસિક અંગ્રેજી મહિનાની દર પંદરમી તારીખે પ્રગટ થતું હોવાથી, લેખો, વાર્તાઓ, નિબંધો, યાત્રાવર્ણનો તારીખ વીસમી સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

૨ વિવાદાસ્પદ લેખોને આ માસિકમાં પ્રગટ કરવામાં આવતા નથી.

૩ લેખો જનતામાં ધાર્મિક નૈતિક ભાવનાને પોષે એવા સરળ અને રોચક શૈલીમાં સુવાચ્ય અક્ષરોમાં લખેલાં હોવા જોઇએ.

૪ સંસ્થાની નીતિને અનુરૂપ હશે તેવા લેખોને જ માસિકમાં સ્થાન આપવામાં આવશે.

૫ જે લેખકનો લેખ લેવામાં આવશે તેમને તે અંક પ્રગટ થયે મોકલી આપવામાં આવશે


—તંત્રીમંડળ

## કાળધર્મ પામ્યા

પૂજ્ય મુનિરાજ શ્રી ચંદ્રકાન્તસાગરજી અમદાવાદ મુકામે તા. ૨૬–૭–૫૯ને રવિવારે રાત્રીના પ્રતિક્રમણ સમયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. આ સમાચારે જૈન જનતાને ઘણો આઘાત પહોંચાડ્યો છે. તેઓ સ્વભાવે શાંત હતા. તેઓશ્રીનું જીવન શાંતિમય, તપપ્રધાન અને પરોપકારપરાયણ હતું. તેઓ હંમેશા જૈન શાસનની પ્રભાવના અને પ્રચાર માટે પ્રયત્નશીલ હતા. તેમજ આત્મકલ્યાણ સાધવામાં સદા મગ્ન રહેતા. તેમના શિષ્ય ( અને સંસારી અવસ્થાના પુત્ર ) પૂજ્ય મુનિરાજ શ્રી ચન્દ્રપ્રભસાગરજીની પ્રગતિમાં તેમની પ્રેરણાનો હિસ્સો નાનોસૂનો નથી. તેમના કાળધર્મ પામવાથી જૈન સમાજને એક ચારિત્ર્યશીલ મુનિજીની ખોટ પડી છે. તેમનો આત્મા ચિરસ્થાયી શાંતિ પામે એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૭ મું ] સં. ૨૦૧૫ શ્રાવણ-ભાદરવો તા. ૧૫-૮-૫૯ [ અંક ૧૦-૧૧મો

## ॥ तृष्णावार्धि को गतः ? ॥

### સુભાષિત

निःस्वोऽप्येकशतं शती दशशतं सोऽपीह लक्षेशताम्,
लक्षेशः क्षितिराजतां क्षितिपतिश्चक्रेशतां वांछति ।
चक्रेशः सुरराजतां सुरपतिर्ब्रह्मास्पदं वांछति,
ब्रह्मा विष्णुपदं हरिः शिवपदं तृष्णावधिं को गतः ? ॥

❋

નિર્ધન માણસ પોતાની પાસે સો રૂપિયા ભેગા થવાની ઇચ્છા રાખે છે. સો રૂપિયાવાળો માણસ હજારવાળો બનવાની તૃષ્ણા રાખે છે. હજારવાળો લખપતિ બનવા માગે છે. લખપતિ રાજા બનવાની ઇચ્છા રાખે છે. રાજા પોતાને ચક્રવર્તી સમ્રાટ્ બનવાની તૃષ્ણા રાખે છે. ચક્રવર્તી સમ્રાટ્ દેવોના રાજા ઇંદ્રનું પદ મેળવવા ઇચ્છા રાખે છે, ઇંદ્ર બ્રહ્માનું પદ, બ્રહ્મા વિષ્ણુનું પદ અને વિષ્ણુ શિવનું પદ મેળવવાની ઇચ્છા રાખે છે. ખરેખર, આ જગતમાં તૃષ્ણાની પાર ગયેલો કોણ છે ? ( કોઇ જ નથી ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પર્વાધિરાજ પર્યુષણ મહોત્સવ

( રચયિતા—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી )

( સુણો ચંદાજી—એ રાગ )

ભવિ ભાવ ધરી પર્યુષણ પુણ્યકારી પ્રેમે ઉજવો;
ગુરુમુખકેરો બોધ સુણીને હર્ષે ઉરને રીઝવો. ભવિ૦ ૧

શુભ કલ્પસૂત્ર શ્રવણે ધારો, વિધિપૂર્વક સુણીને પાપ હરો;
ગુરુમુખથી સુણીને ભવથી તરો. ભવિ૦ ૨

નવ વ્યાખ્યાનો અતિ સુખકારી, વીર પાર્શ્વ નેમિ ને ઋષભાદિ;
શુભ સ્થવિરાવલિ ને સમાચારી. ભવિ૦ ૩

પર્યુષણનો શુભ અર્થ ગ્રહો, કરી પુણ્ય અતિશય પાપ દહો;
આત્મામાં રમણતા શ્રેષ્ઠ ચહો. ભવિ૦ ૪

મળ્યું કલ્પસૂત્ર પાવનકારી, એકવીસ વાર શ્રવણે ધારી;
બનો મોક્ષતણા પછી અધિકારી. ભવિ૦ ૫

કરો ક્ષમાપના સહુ જીવ પરે, સમભાવ ધરી વર્તન જો કરે;
આરાધક પદને પ્રાણી વરે. ભવિ૦ ૬

નવ વારંવાર આ યોગ મળે, શુભ પુણ્યતણો અવસર ફળે;
જેથી બુદ્ધિ સુમાર્ગે વિશેષ વળે. ભવિ૦ ૭

બે સમયે પ્રતિક્રમણ કરવાં, અતિ આનંદથી પ્રભુગીત સ્મરવાં;
ગુરુદેવ દર્શને શિર ધરવાં. ભવિ૦ ૮

આરંભ પાપનો ત્યાગ કરો, વ્યવહાર ધર્મનું ધ્યાન ધરો;
બ્રહ્મચર્ય શીલને ગ્રહણ કરો. ભવિ૦ ૯

તપશ્ચર્યા છઠ્ઠ અઠ્ઠમની, તપ અષ્ટ દિનનું શુભ બની;
વળી વિવિધ પૂજા પ્રભુ જિનની. ભવિ૦ ૧૦

અસત્ય વચનના ત્યાગી બનો, જુગારરૂપી એક શત્રુ હણો;
એવાં ગુરુબોધતણાં વચનો. ભવિ૦ ૧૧

ઉત્સવ નંદીશ્વર દેવ કરે, માનવભૂમિ એ કેમ ના ઉજવે ?
પછી અનંત ઋદ્ધિની પ્રાપ્તિ ધરે. ભવિ૦ ૧૨

પર્યુષણને ઉર મધ્ય સ્મરે, પ્રભુગાન વિષે ઉત્સાહ ધરે;
લક્ષ્મીસાગર અજિતપદ પ્રાપ્ત કરે. ભવિ૦ ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# चैत्यवन्दनचतुर्विंशतिका ॥

ભાવાર્થકાર—પંન્યાસશ્રી સુશીલવિજયજી ગણી.

( ગતાંક પૃષ્ઠ ૧૨૭ થી ચાલુ )

## षोडश तीर्थंकर—

## श्रीशान्तिनाथजिनेन्द्र–स्तवनम् [ १६ ]

( द्रुतविलम्बित–छन्दः )

विपुलनिर्मलकीर्तिभरान्वितो,
जयति निर्जरनाथनमस्कृतः ।
लघुविनिर्जितमोहधराधिपो,
जयति यः प्रभुशान्तिजिनाधिपः ॥ १ ॥

વિપુલ નિર્મલ કીર્તિના સમૂહથી સહિત, ઇન્દ્રોથી નમસ્કાર કરાએલા, શીઘ્ર મોહરાજાને જીત્યો છે જેણે એવા પ્રભુ શાન્તિ જિનેશ્વર જે જયવંતા વર્તે છે. (૧)

विहितशान्तसुधारसमज्जनं,
निखिलदुर्जयदोषविवर्जितम् ।
परमपुण्यवतां भजनीयतां,
गतमनन्तगुणैः सहितं सताम् ॥ २ ॥

(તે) શાન્તરસસ્વરૂપી અમૃત રસમાં મજ્જન–સ્નાન કરનાર, સમગ્ર દુર્જય એવા દોષથી રહિત, ઉત્તમ પુણ્યશાળીઓ–સત્પુરુષોની સેવનીયતાને પામેલા અને અનન્ત ગુણે કરીને સહિત એવા. (૨)

तमचिरात्मजमीशमधीश्वरं,
भविकपद्मविबोधदिनेश्वरम् ।
महिमधाम भजामि जगत्त्रये,
वरमनुत्तरसिद्धिसमृद्धये ॥ ३ ॥

વળી મોટા ઇશ્વર, ભવિકરૂપી કમલને વિકસ્વર કરવામાં સૂર્ય સમાન અને મહિમાના ધામ એવા તે અચિરાનન્દન શાન્તિનાથ પ્રભુને ત્રણ જગતમાં શ્રેષ્ઠ એવી અનુત્તર સિદ્ધિની સમૃદ્ધિ માટે હું ભજું છું. (૩)

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન અને તત્ત્વજ્ઞાન

(લેખક પ્રા. જયંતિલાલ ભાઈશંકર દવે. એમ. એ.)

સામાન્ય રીતે પ્રાકૃત મનુષ્યોમાં એક એવી અણુ-સમજભરી પ્રચલિત માન્યતા જોવામાં આવે છે કે તત્ત્વજ્ઞાન તો બહુ જ અઘરૂં. તત્ત્વજ્ઞાન ઝટ સમજાય નહિ. વળી તે વ્યાકરણ જેવો નીરસ વિષય કહેવાય. તત્ત્વજ્ઞાન વ્યવહારમાં આચરી શકાય નહિ. એ તો કવિઓ જેમ ગગનવિહાર કરે છે તેમ નવરા ફીલસુફો જગત વિશે કલ્પનાઓના ઘોડા ઘડે છે.

ખરેખર આ તો બહુ મોટો અને ગંભીર આક્ષેપ છે, પરંતુ આ માન્યતા ખોટી છે તે પૂરવાર કરવા આપણે માનવજીવન તરફ નજર કરીએ. જીવન એટલે શું ? જીવન એટલે અનુભવોની પરંપરા. અને તત્ત્વ-જ્ઞાન તો જીવનના અનુભવો ઉપર જ નિર્ભર છે. એટલું જ નહિ પણ, એથી આગળ વધીને કહીએ તો તત્ત્વજ્ઞાન જીવનનું પ્રતિબિંબ છે અને જીવનની સમીક્ષા પણ છે. એક રીતે કહીએ તો દરેક માણસ જાણ્યેઅજાણ્યે ફીલસુફ હોય છે એટલે કે તેને જીવન જોવાની અમુક દૃષ્ટિ તો છે જ. મૂર્ખને મૂર્ખદૃષ્ટિ, જ્ઞાનીને જ્ઞાનદૃષ્ટિ.

ઉદાહરણ તરીકે કોઈ જંગલમાં રહેનાર આદિવાસીનું જીવન તમે તપાસો. તે જંગલી માણસને પણ અમુક જાતની જીવનદૃષ્ટિ છે. પછી ભલેને તે જીવનદૃષ્ટિમાં માત્ર વહેમો જ ભર્યા હોય. છતાં એ તેનું તત્વજ્ઞાન છે. આપણું તત્વજ્ઞાન, જુદી અપેક્ષાઓને કારણે, તેનાથી જુદું હોઈ શકે છે. ખરી રીતે દરેક માણસને એક જાતનું તત્વજ્ઞાન હોય છે જ. તેના આચારમાં, તેના વિચારમાં, તેની દરેક પ્રવૃત્તિમાં અમુક આદર્શો રહેલા હોય છે જ. ધ્યેય વગર કોઈ પણ સમજુ માણસનું જીવન સંભવી શકતું નથી. બધાં ધ્યેયો હંમેશાં આધ્યાત્મિક કે નૈતિક ન પણ હોય. કેવળ વ્યાવહારિક જીવન પૂરતાં પણ હોય. સ્વાર્થી માનવો "હું અને મારું ઘર"ના જેવા સંકુચિત આદર્શોમાં રચ્યાપચ્યા રહે છે. અધ્યાત્મ-સંસ્કારોના રંગે રંગાયેલા કોઇ વિરલ પુરુષોના આદર્શો ઊંચા હોય છે ત્યારે જંગલી લોકોના નિકૃષ્ટ હોય છે. દાખલા તરીકે જંગલી માણસની જગત વિષે કલ્પના તપાસીએ. તેને પણ જગતના વૈવિધ્ય તરફ નજર કરતાં એમ લાગતું હશે કે વડમાં કોઇ દેવ છે, પીપળામાં કોઇ દેવ છે. પત્થરોમાં, નદીનાળામાં દેવ કે ભૂત કે પ્રેત હશે જ અને તેની આરાધના જો તે ન કરે તો તેના ઉપર કે તેના કુટુંબ ઉપર સંકટ આવી પડશે. આમ જગતનાં અનેક સત્ત્વો તેના જીવન ઉપર સત્તા ચલાવી રહ્યાં છે પોતાને કાંઇ અનિષ્ટ થાય ત્યારે તે માની લે છે કે અમુક દેવ કોપાયમાન થયો છે. વળી પાછો તે દેવની ખુશામત કરે છે અને બેબાકળો બની ભૂતપ્રેતાદિને પશુબલિ ચડાવે છે. ખરેખર, ગીતા કહે છે તેમ, માણસ શ્રદ્ધાનો બનેલો છે, શ્રદ્ધામય છે. જેની જેવી શ્રદ્ધા, તેવો તે માણસ હોય છે.

તત્ત્વજ્ઞાન એટલે શું ? અનુભવ-મૂલક વ્યાપક અને સમ્યક્દૃષ્ટિ. અનુભવો બે પ્રકારના હોઇ શકે. (૧) સમ્યક્ અથવા યથાર્થ અને વ્યાપક તથા (૨) અસમ્યક્ અથવા મિથ્યાત્વના અંશવાળા એટલે કે અયથાર્થ અને સંકુચિત અનુભવ.

જગત્નાં કોઇ પણ દર્શનશાસ્ત્રોને તપાસો તો તેમાં તમને ઉપરોક્ત કથનની સત્યતા જણાશે. પૂર્વના અને પશ્ચિમના દર્શનશાસ્ત્રો તો અનેક છે. પણ મુખ્યત્વે તેમાં ત્રણ પ્રકાર જોવામાં આવે છે. પ્રથમ, જડવાદ અથવા નિસર્ગવાદ (Naturalism) અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Materialism). બીજો પ્રકાર એકાંતિક આત્મવાદ કે જેમાં પાશ્ચાત્ય દર્શનોના Subjective તથા Objective Idealism અને Absolute Idealism જેવા વાદો અને ભારતીય દર્શનોમાંથી શંકરાચાર્યનો કેવલાદ્વૈત અથવા માયાવાદવેદાંત જેવાં દર્શનોનો સમાવેશ થાય છે. ત્રીજો પ્રકાર અનેકાંત-મૂલક-અધ્યાત્મવાદ કે જેને માણસો જૈનધર્મ તરીકે ઓળખે છે. આ ત્રણે પ્રકારનાં દર્શનોમાંથી અનેકાંત-મૂલક અધ્યાત્મવાદને જ દર્શનચૂડામણિ અને સમ્યગ્-દર્શન કહી શકાય. કારણ કે પ્રથમ બે ત્રુટિવાળા છે અને સાચી વ્યાપક દૃષ્ટિ અનેકાંતમૂલક અધ્યાત્મવાદમાં છે. જીવનની સમસ્યાઓનું સાચું સમાધાન અનેકાંત દૃષ્ટિથી જેવું થાય છે, તેવું બીજી કોઈ તત્ત્વદૃષ્ટિથી થતું નથી.

સૌથી પહેલાં આપણે જડવાદ તરફ દૃષ્ટિપાત કરીએ, કારણ કે જડદ્રવ્યનો આપણા ઉપર એટલો બધો પ્રભાવ છે કે આપણે ક્ષણભર જડદ્રવ્ય જ કેમ જાણે વસ્તુ સર્વસ્વ હોય એમ માની બેસીએ છીએ. જડવાદ એ એક પ્રકારનું એકાંતિક અદ્વૈત છે તેને આધિભૌતિક જડાદ્વૈત પણ કહેવાય છે. નિસર્ગવાદ, પ્રકૃતિવાદ, સ્વભાવવાદ વગેરે શબ્દો તેના પર્યાયો છે. જડપ્રકૃતિનાં રૂપાંતરો થતાં નદીઓ, પર્વતો, સમુદ્રો, વનસ્પતિઓ, પશુઓ અને છેવટે માણસો થયાં. જડ-વાદ પ્રમાણે, આ બધું વિશ્વ, જડ અને અચેતન પરમાણુઓનો જ સમૂહ છે, વિકૃતિ છે, લીલા માત્ર છે, જડવાદ કિંવા પરમાણુવાદ કે જેને સ્વભાવવાદ પણ કહેવાય છે તે પૂર્વનો હો કે પશ્ચિમનો હો, બધે એક સરખો છે. કાગડા જેમ બધે જ કાળા છે તેમ જડવાદ બધે જ સરખો છે ગ્રીક પરમાણુવાદી ડીમોક્રિટસથી માંડીને હજુ વિદ્યમાન બર્ટ્રાન્ડ રસેલ સુધી યૂરોપમાં તેનો પ્રવાહ સતત ચાલુ છે. કૉમ્યુનીસ્ટો અથવા સામ્યવાદીઓ પણ દાર્શનિક દૃષ્ટિએ આ વર્ગમાં મૂકી શકાય તેવા છે. આપણે ત્યાં તો ચાર્વાક પ્રસિદ્ધ થઈ ગયો છે. પરંતુ એવા અનેક ચાર્વાકો છૂપી રીતે આપણામાં હજુ પણ હશે જ એમાં શંકા નથી.

આ સ્વભાવવાદીઓને આપણે પૂછીએ કે જડમાંથી ચેતન કેવી રીતે આવ્યું ? એમાંથી એક ઉત્તર તેની પાસે તૈયાર જ છે. ( ૧ ) પશ્ચિમના કેટલાક જડવાદી માને છે તેમ પરમાણુઓનો અકસ્માત સંયોગ ( Fortuious Concourse of atoms ) અથવા ( ૨ ) સ્વભાવ. એક સ્વભાવવાદી કહે છે કે :—

**शिखिनश्चित्रयेत् को वा कोकिलान् कः प्रकूजयेत् ।**
**स्वभावव्यतिरेकेण विद्यते नात्र कारणम् ॥**

અર્થાત્– મોરનાં પીંછામાં રંગાવલિ કોણ પૂરે છે ? અથવા કોયલોના કંઠમાં મધુર સ્વરાવલિ કોણ રેડે છે ? આ જગતમાં સ્વભાવ સિવાય તેનું કોઈ કારણ એટલે કે ખુલાસો નથી જ.

જડવાદમાં ચેતનને સ્થાન નથી. જ્યારે આત્મા જેવી વસ્તુ જ નથી તો પછી મરણ પછી તેના અસ્તિત્વનો કે અમરત્વનો પ્રશ્ન રહેતો જ નથી. ચાર્વાક કહી ગયો છે કે–દેવું કરીને પણ ઘી ખાવું અને શરીરસુખ ભોગવવું એ જ સ્વર્ગ અને મરણ એ જ મોક્ષ. મરણ પછી કોઈ સ્વર્ગ કે નરક જેવી વસ્તુઓ નથી.

પશ્ચિમના રસેલ જેવા જડવાદીઓ એમ કહે છે કે શુદ્ધતર્કથી આત્માનું મરણોત્તર અસ્તિત્વ સિદ્ધ થઈ શકતું નથી. આપણે માત્ર લાગણીવશ બની જઈને તે માની લઈએ છીએ. ૧૯મી સદીમાં જર્મન વૈજ્ઞાનિક તત્ત્વજ્ઞ અર્નેસ્ટ હેઈકલને આ મુંઝવણ બહુ હેરાન કરતી હોય તેમ લાગે છે. તેના એક પુસ્તકમાં તે કહે છે:—

"In the important moment when the child first pronounces the word 'I' when the feeling of self becomes clear, we have the beginning of self-consciousness, and of the anti-thesis of non-ego."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્ બાલકના જીવનમાં એક એવી અગત્યની ક્ષણ આવે છે કે જ્યારે તેને પોતાના "હું"નું ભાન થાય છે, તે સમયે આત્મભાનની શરૂઆત થઈને પોતે બીજાથી જુદો છે એમ સ્પષ્ટ ભાન થાય છે. ટૂંકામાં જડવાદમૂલક માનસશાસ્ત્ર અહં અને મમ શા કારણે થાય છે તેનો ખુલાસો આપી શકતું જ નથી.

વળી જીવનના કોઈ પણ પ્રશ્નનું સંતોષકારક સમાધાન જડવાદ આપી શકતું નથી. આપણામાં નૈતિક આદર્શોની ભાવના જાગૃત થાય છે તેનું શું ? સૌંદર્યની ભાવના ઉત્પન્ન થાય છે તેનું શું ? ત્યાગ અને વૈરાગ્ય ઉપજે છે તેનું શું ? અમારી સમજણ પ્રમાણે જડવાદનો સચોટ રદીયો ઇંગ્લાંડના માજી વડાપ્રધાન આર્થર જેમ્સ બાલ્ફરે તેના એક પુસ્તકમાં આપ્યો છે. બાલ્ફર રાજનીતિજ્ઞ પુરુષ હતો પણ સાથોસાથ એક ઉચ્ચકોટિનો ફીલ્સુફ પણ હતો. તેણે આપેલા એ ગીફર્ડ ( Gifford Lectures ) વ્યાખ્યાનમાં જડવાદનો સરસ પરિહાર કર્યો છે. બાલ્ફરની દલીલ સામાન્ય દલીલોના કરતાં જરા જુદી જાતની છે. તે કહે છે કે " તમારે આત્માના અસ્તિત્વમાં અને અમરત્વમાં માનવું ન હોય તો ભલે ન માનો પરંતુ એટલું જરૂર ધ્યાનમાં રાખો કે એમ કરવાથી તમે તમારી જ્ઞાનવિષયક, સૌંદર્યવિષયક અને નીતિવિષયક, કંઇ કંઇ ઉચ્ચતમ ભાવનાઓનું મૂલ્ય ઘટાડી નાંખો છો. બાલ્ફરનો કહેવાનો આશય એમ છે કે કલા અને સૌંદર્યની શ્રેષ્ઠ અને ઉદાત્ત કલ્પનાઓનું કાંઇ પણ મૂલ્ય હોય, નૈતિક જીવનની મહત્તા ટકાવી રાખવી હોય તો આ બધાના પાયામાં આત્માનું અસ્તિત્વ એક મૂળભુત તત્ત્વ તરીકે છે એમ સ્વીકાર્યા વગર છૂટકો જ નથી. જો જડવાદ અંતિમ સત્ય હોય તો જગત એક ભયંકર અને ક્રૂર મશ્કરી છે. હાલના યૂરોપીયન માનસશાસ્ત્ર અને જીવવિદ્યાશાસ્ત્રના વૈજ્ઞાનિકોમાં હજુ પણ જડવાદના વિખેરાતા ઓળાઓ દેખાય છે પણ પશ્ચિમનું વિજ્ઞાન ધીમેધીમે સ્વીકાર કરતું થયું છે કે જડવાદ અંતિમ સત્ય ન હોઇ શકે. વળી જડવાદમૂલક માનસશાસ્ત્ર અને જડવાદી જીવવિદ્યા આ શબ્દો જ વદતોવ્યાઘાત છે. તદુપરાંત સમસ્ત માનવજાતનો અને ખાસ કરીને જગતના સાધુસંતો અને મહાત્માઓ—ભલેને પછી તેઓ ગમે તે ધર્મના કે પંથના કે સંપ્રદાયના હોય—આ બધાનો અનુભવ જડવાદની વિરુદ્ધ જ જાય છે. (ક્રમશઃ)

आपद्गतं हससि किं द्रविणांधमूढ !,
लक्ष्मीः स्थिरा न भवतीति किमत्र चित्रम् ? ।
एतान् प्रपश्यसि घटाज्जलयंत्रचक्रे,
रिक्ता भवन्ति भरिताश्च रिक्ताः ॥

સ્રગ્ધરા

દુઃખીને શું હસે છે ? દ્રવિણ મદ વિષે અંધ થઈ મૂઢ પ્રાણી,
લક્ષ્મી તો કોઇ કાળે અવિચળ નહિ એ વાત કોને અજાણી ?
જો તું આ રેંટમાળે નજર કરી જરા ખાલી કુંભો ભરાય,
પાછા સર્વે ભરેલા પલક પછી વળી સાવ ખાલી જ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આચારાંગ સૂત્ર (૩)

લે. પં. શ્રી દલસુખ માલવણિયા

( અંક ૮ ના પૃષ્ઠ ૧૨૦ થી ચાલુ )

આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધના પ્રથમ અધ્યયનનું નામ **શસ્ત્ર–પરિજ્ઞા** છે. તે સાત ઉદ્દેશોમાં વહેંચાયેલું છે. હિંસાના શસ્ત્રોને જાણી-પીછાણીને તેનો ત્યાગ કરવાનું આ અધ્યયનમાં કહેવામાં આવ્યું છે. સાતે ઉદ્દેશોના નિરૂપણ પ્રસંગે નિર્યુક્તિમાં બતાવવામાં આવ્યું છે કે પહેલા ઉદ્દેશમાં જીવની સામાન્યરૂપે પ્રરૂપણા કરીને બાકીના છ ઉદ્દેશોમાં છ જીવ–નિકાયોનું અનુક્રમે વર્ણન છે. દરેક ઉદ્દેશમાં એ બતાવવામાં આવ્યું છે કે પ્રાણીનો વધ કરવાથી પાપકર્મનો બંધ થાય છે. તેથી હિંસાનો ત્યાગ કરવો એ કર્તવ્ય છે.

અધ્યયનની શરૂઆત–'**सुयं मे आउसंतेणं**" એ પદથી થાય છે. પ્રાચીન પરંપરામાં એમ કહેવામાં આવ્યું છે કે 'અર્થનો ઉપદેશ તીર્થંકર આપે છે અને ગણધર તે ઉપદેશો સૂત્રબદ્ધ કરે છે.' આ હકીકતનું સમર્થન આ પાઠથી થાય છે. ચૂર્ણિકારે આનું સ્પષ્ટીકરણ કરતા કહ્યું છે કે અર્થરૂપ ઉપદેશને સૂત્રબદ્ધ કરીને બધા ગણધર પોત–પોતાના શિષ્યોને કહે છે કે "મેં આ પ્રમાણે સાંભળ્યું છે અથવા ભગવાને આ પ્રમાણે કહ્યું છે." આ રીતે પ્રસ્તુત વાક્યના વક્તા છે સુધર્માસ્વામી અને શ્રોતા છે જંબૂસ્વામી.

"**एवं मे सुयं**"...ઇત્યાદિ કહીને સુધર્માસ્વામીએ એ સ્પષ્ટ કર્યું છે કે પ્રસ્તુત **आचारांग**ના ઉપદેશક તીર્થંકર વર્ધમાન છે, આ સ્વમતિકલ્પિત નથી. આ પ્રથાનું અનુકરણ બૌદ્ધ ધર્મના પાલિપિટક ગ્રન્થોમાં પણ જોવા મળે છે.

જો **आचारांग** સર્વપ્રથમ ઉપદેશના આધારે રચાયેલું સૂત્ર હોય તો એમ કહેવું જોઇએ કે તેનું પ્રથમ વાક્ય ભગવાન મહાવીરના ઉપદેશમાં અતિ મહત્વનું છે. તે સૂત્રમાં બતાવવામાં આવ્યું છે કે—
"**इहमेगेसिं नो सन्ना भवई, तं जहा–पुरत्थिमाओ वा दिसाओ आगओ अहमंसि, दाहिणाओ वा...पच्चत्थिमाओ वा...उत्तराओ वा...उड्ढाओ वा...अहोदिसाओ वा...अन्नयरीओ वा दिसाओ, अणुदिस्साओ वा आगओ अहमंसि, एवमेगेसिं णो णायं भवति। अत्थि मे आया उववाइए, नत्थि मे आया उववाइए। के अहं आसी? के वा इओ चुओ इह पेच्चा भविस्सामि?**"
અર્થાત્ કેટલાક જીવોને તો એ પણ ખબર નથી કે તે ક્યાંથી આવ્યા છે અને આ જન્મ ધારણ કરનાર તત્ત્વ આત્મા છે કે નહિ. કેટલાક જીવોને એ પણ ખબર નથી કે "હું કોણ છું અને મારે મરીને શું થવાનું છે?"

આગળ કહેવામાં આવ્યું છે કે ઉપરોક્ત વાતોનું પરિજ્ઞાન જ્યારે પોતાના ચિન્તન–મનનથી અથવા બીજા વિશિષ્ટ જ્ઞાનીના ઉપદેશથી થાય છે ત્યારથી તે વ્યક્તિ આત્મવાદી, લોકવાદી, કર્મવાદી અને ક્રિયાવાદી કહેવાય છે, અન્યથા નહિ.

પ્રસ્તુત વિષય ઉપર ઋગ્વેદના ઋષિના પ્રશ્નનું સ્મરણ કરવામાં આવે તો કહી શકાય કે સનાતન પ્રશ્ન એક જ છે પરંતુ તેના બે રૂપ છે.–એક વ્યક્તિગત, બીજું સમષ્ટિગત. આ પ્રકારે પ્રશ્ન કરનાર—"**कुतः आजाता, कुतः इयं विसृष्टिः?**" વગેરે વાક્યોમાં ઋષિનો અભિપ્રાય સમષ્ટિગત હતો. ઉક્ત પ્રશ્નમાં સમગ્ર વિશ્વના મૂળની શોધનો પ્રયાસ છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**सन्मति महावीर**ના ઉપદેશમાં એક એક વ્યક્તિના સંસારનો પ્રશ્ન છે. એક પ્રશ્નનાં ઉત્તરમાં સૃષ્ટિની પ્રક્રિયાના વિસ્તૃત વિચાર દ્વારા અદ્વૈતવાદનો વિકાસ થયો અને બીજા પ્રશ્નના અનુસંધાનમાં સ્વતંત્ર સત્તાવાન અનન્ત જીવવાદ તથા અનાદિ–અનંત સંસારવાદની પુષ્ટિ થઈ અદ્વૈતવાદની ચરમ સીમા ઉપનિષદોના બ્રહ્મવાદમાં જોવા મળે છે અને દ્વૈતવાદ કે સ્વતંત્ર અનન્ત આત્મવાદની ચરમ સીમા નિર્ગ્રન્થ પ્રવચનરૂપ જૈન આગમોમાં જોવા મળે છે.

આચારાંગના પહેલા ઉદ્દેશમાં " **परिण्णा परिजाणियव्वा** " એ શબ્દ " **परि+ज्ञा** " ધાતુમાંથી આવેલ છે. તેનો વિશેષ અર્થ 'વિવેક' એટલે કે " જાણવું અને છૂટું પાડવું " એ છે. તાત્પર્ય એ છે કે હિંસાના સ્વરૂપને જાણી તેનાથી અટકવું. પરિત્યાગ અર્થમાં આ શબ્દનો પ્રયોગ બૌદ્ધ ગ્રન્થોમાં પણ જોવા મળે છે.

એવો જ એક બીજો શબ્દ " **संज्ञा** " છે. **संज्ञा**નો અર્થ અનુભવન અને જ્ઞાન છે. અનુભવન સંજ્ઞા કર્મોદયજન્ય છે અને તેના આહાર, ભય, મૈથુન, પરિગ્રહ વગેરે ૧૬ ભેદ છે અને જ્ઞાન સંજ્ઞાના મતિજ્ઞાન વગેરે ભેદ છે. પ્રસ્તુત ઉદ્દેશમાં **संज्ञा**નો અર્થ જ્ઞાન છે.

પહેલા ઉદ્દેશમાં સામાન્યરૂપે જીવહિંસાના વિષયમાં પરિજ્ઞાનો ઉપદેશ છે. બાકીના ઉદ્દેશોમાં અનુક્રમે પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વનસ્પતિકાય, ત્રસકાય અને વાયુકાય સંબંધી શસ્ત્રારંભની પરિજ્ઞાનો બોધ કરવામાં આવ્યો છે.

અહીં એક વાત ધ્યાન રાખવી જરૂરી છે કે વાયુકાયને પૃથ્વી વગેરે સ્થાવર યોનિના જીવોની સાથે રાખવાને બદલે ત્રસકાયની પછી રાખવામાં આવેલ છે. તેનું કારણ એ છે વાયુકાય નામકર્મની દૃષ્ટિએ સ્થાવર હોવા છતાં તેના ચલન સ્વભાવને લઈને તેનું સ્થાન ત્રસકાયમાં પણ છે.

પ્રથમ અધ્યયનના બધા ઉદ્દેશોનો પ્રારંભ ગંભીર વાક્યો દ્વારા કરીને હિંસા–અહિંસાના વિવેકની દૃષ્ટિ આપવામાં આવી છે. અને દરેક ઉદ્દેશના અંતમાં પૃથ્વી વગેરે જીવોની હિંસાથી વિરત થનાર **परिज्ञातकर्मा विरतमेधावी पुरूषने मुनि** સંજ્ઞા આપવામાં આવી છે.

બીજા ઉદ્દેશની શરૂઆતમાં આવ્યું છે કે લોક આર્ત છે, પરિજીર્ણ છે, દુર્બોધ અને અજ્ઞાની છે. જીવ પોતે વ્યથિત છે અને અન્ય જીવોને પણ ઉત્પીડિત કરે છે. સંસારની દુઃખમયતાનું આ ચિત્ર આચારાંગમાં વારંવાર આપવામાં આવ્યું છે. તો પણ તેમાં નિરાશાવાદનું સમર્થન નથી અને સાથોસાથ તે દુઃખમાંથી મુક્ત થવાના માર્ગ–સંયમ, વિરતિ, સમભાવ, અપ્રમાદ, વીતરાગતા વગેરે જુદા જુદા નામે–બતાવવામાં આવ્યો છે.

પ્રસ્તુત ઉદ્દેશોમાં કેટલાક એવા શ્રમણોનું વર્ણન કરવામાં આવ્યું છે કે જે પોતાની જાતને શ્રમણ, સાધુ કે ભિક્ષુ કહે છે, પરંતુ રાતદિવસ પૃથ્વી વગેરે અનેક જીવોની હિંસા કરતા રહે છે. ટીકાકારનું કહેવું છે કે આ સૂત્ર શાક્ય વગેરે મતના શ્રમણોને લક્ષ્યમાં રાખીને કહેવાયું છે. કેટલાક શ્રમણનિર્ગ્રન્થ એવા છે કે જે વીતરાગે ઉપદેશેલ જ્ઞાનથી એ જાણી શકે છે કે આ સંસારમાં હિંસા ગ્રન્થ છે, બન્ધન છે, મોહ છે, માર છે અને નરક છે.

ત્રીજા ઉદ્દેશમાં એ બતાવ્યું છે કે આત્માના લોકનો અપલાપ ન કરવો જોઇએ. જે લોકનો અપલાપ કરે છે તે આત્માનો અપલાપ કરે છે અને જે આત્માનો અપલાપ કરે છે તે લોકનો પણ અપલાપ કરે છે.


આગળના બધા ઉદ્દેશોમાં અગ્નિ વગેરે જીવોની હિંસા કરવાનું કડવું ફળ બતાવવામાં આવ્યું છે, અને કહેવામાં આવ્યું છે કે બધા જીવ સુખ ઇચ્છે છે, જીવવા ઇચ્છે છે તેથી બીજા પ્રાણીને ભય કે આતંક ઉત્પન્ન થાય એવું કાર્ય નહિ કરવું જોઇએ. સમ–સંવેદનની આ પ્રક્રિયાથી જીવનમાં અહિંસાની ભાવના ઉદ્‌ભવે છે અને કેટલીક એવી મહાન વ્યક્તિ પણ હોય છે કે જે હિંસાથી વિરમી પ્રાણી જગતને અભયદાન આપે છે તથા નાના મોટા બધા જીવોનું યથાશક્તિ સંરક્ષણ કરે છે.

સંગ્રાહક : મુનિ આઇદાન

અનુવાદક કા. જ. દોશી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વાંચનદ્વારા શિક્ષણ

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ

" Books are the windows through which the soul looks out."

વિદ્યાર્થી અવસ્થામાં એક ખૂબ જ અગત્યનો લાભ મળે છે, તે એ છે, કે જ્ઞાનના ભિન્નભિન્ન પ્રદેશોનાં પુસ્તકોનો પરિચય થાય છે. જીવનમાં શું વધારે ઉપયોગી અને સહાયભૂત થઈ પડશે તે શોધી કાઢવું એ બહુ જ કિંમતી છે. માનસિક વિકાસ અને સામાજિક સેવા માટેનાં જરૂરી સાધનો પસંદ કરવા સરખું છે. વ્યવહારિક જીવનનાં પ્રત્યેક વિભાગના માણસો એવો મત ધરાવે છે કે શાળાઓ અને વિદ્યાલયોમાંથી એવા વિદ્યાર્થીઓ નીકળવા જોઈએ કે જેઓ કુશળતાથી પુસ્તક પસંદ કરવાને શક્તિમાન હોય. જે ઘરમાં ઉત્તમ પુસ્તકોવાળું પુસ્તકાલય હોય છે ત્યાંથી આ પ્રકારના જ્ઞાનની શરૂઆત શીખી શકાય છે.

પુસ્તકાલયો જરૂરની વસ્તુ છે. પુસ્તકો, સમાચારપત્રો અને માસિકો વગરનું ઘર બારીબારણાં વગરનાં ઘર જેવું છે. પુસ્તકોની વચમાં મૂકવાથી બાળકો વાંચતા શીખે છે. પુસ્તકો હાથમાં લેવા માત્રથી જ તેઓ અજાણપણે જ્ઞાન ગ્રહણ કરે છે. અત્યારના કાળમાં કોઈ પણ કુટુંબ સારા પુસ્તકો વિનાનું ન હોવું જોઈએ. જે બાળકોને ઇતિહાસમાં પુસ્તકો, શબ્દકોશનાં પુસ્તકો અને એવાં અનેક ઉપયોગી પુસ્તકો પૂરા પાડવામાં આવે છે તેઓ અજાણપણે અને વિના ખર્ચે કેળવણી–જ્ઞાન સંપાદન કરી શકે છે. તેમ જ તદ્દન વ્યર્થ જાય એવા સમયમાં પોતાની ઇચ્છાથી ઘણી ઉપયોગી બાબતોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ સર્વ જો શાળાઓમાં શીખવવામાં ન આવે તો તે પુસ્તકોનાં ખર્ચ કરતાં દશગણું ખર્ચ થવા સંભવ છે. તે ઉપરાંત ઉત્તમ પુસ્તકોથી ગૃહોની સુંદરતામાં વધારો થાય છે અને ઘર વધારે આકર્ષક બને છે. આવા આનંદપ્રદ અને શાંત વાતાવરણમાં રહેવું બાળકોને વધારે ગમે છે. બાળકોને મળતી આ ગૃહકેળવણી પરત્વે જો દુર્લક્ષ કરવામાં આવે છે તો તેઓ ઘરમાંથી નાશી જઈ અનેક જાતની જાળમાં ફસાઈ જાય છે અને ભયના ભોગ થઈ પડે છે.

નાનાં નાનાં બાળકોને પુસ્તકોનાં વાતાવરણમાં જ ઉછેરવા એ ઘણું જ શોભારપદ છે. એક કુશાગ્રબુદ્ધિ બાળક સારા પુસ્તકોમાંથી કેટલું બધું શિક્ષણ મેળવે છે તે જોઈને આશ્ચર્ય થશે.

ઘણા માણસો પોતે વાંચતા હોય તે પુસ્તકોમાં કંઇ નિશાની કરતા નથી કે કોઈ સારા ફકરા નીચે લીંટી દોરતા નથી. ખરીદતી વખતે તેઓનાં પુસ્તકો જેવાં હશે તેવાં જ ચોખ્ખા હોય છે અને તેઓની મનસપાટી ઉપર કોઈ પણ પ્રકારના જ્ઞાનનો પટ લાગેલો જણાતો નથી. કેવળ જ્ઞાનશૂન્ય જ હોય છે. તમારાં પુસ્તકોમાં નિશાની કરવામાં લેશ પણ ભય કે સંકોચ ન રાખો. એમ ન ધારો કે તેમ કરવાથી તે બગડી જશે અથવા તો તેની કિંમત ઘટી જશે. પણ

For Private And Personal Use Only

ઊલટું તેની કિંમતમાં વધારો થશે. જેઓ પોતાના પુસ્તકોનો ઉપયોગ કરવાનું જિંદગીની શરૂઆતથી જ શીખે છે તેઓ ભવિષ્યમાં સમાજને તથા દેશને તેમ જ જગતને વધારે ઉપયોગી બનવાને સમર્થ બને છે.

જરૂર પડે તો જીર્ણ કપડાં અને પગરખાં પહેરો, તેમાં કરકસર કરો. પરંતુ પુસ્તકોની બાબતમાં લેશ પણ કરકસર કરવાની ટેવ ન રાખો. તમારાં બાળકોને શાળાની કેળવણી આપવા જેવી તમારી આર્થિક સ્થિતિ ન હોય તો પણ તેઓની આસપાસ થોડાં સારાં પુસ્તકો મૂકો કે જેના વડે તેઓ જે સંજોગોમાં મૂકાયા છે તે કરતાં વધારે સારા સંજોગોમાં મૂકાય. જીવનની મુખ્ય કેળવણી પ્રાપ્ત કરવાનું યોગ્ય સ્થળ આપણું ઘર જ છે. અહિયાં જ આપણા આખા જીવનને ઘડનારી અને જીવનપર્યંત આપણને વળગી રહેનારી ટેવો ઘડાય છે. અહિંયા જ નિયમિત માનસિક કેળવણીથી આપણું ભવિષ્યનું જીવન નિયત થાય છે.

આપણામાં એવા ઘણા કુટુંબો હોય છે કે જ્યાં છોકરાઓ અને છોકરીઓ આત્મસુધારણા કરવા ઇચ્છતા હોય છે, પણ ઘરની અંદર પ્રવર્તમાન હાનિકારક ટેવોને લઇને તેઓ તેમ કરવા અશક્ત બને છે. બીજી બાજુએ એવા ઘણા કુટુંબો હોય છે કે જ્યાં પ્રત્યેક વ્યક્તિ પોતાનો નિવૃત્તિનો સમય નકામી વાતો કરવામાં, ઠઠ્ઠા-મશ્કરી કરવામાં અને આત્મસુધારણા માટે કોઈ જાતના પ્રયત્ન વગર હલકી, સસ્તી ચોપડીઓ વાંચવામાં વ્યતીત કરે છે. આવા કુટુંબના માણસો આત્મસુધારણા માટે કોઇ પણ જાતની ઇચ્છા રાખનાર અને પ્રયત્ન કરનારને હસી કાઢે છે અને પરિણામે તેઓ નિરાશ થઇ પ્રયત્ન કરવાનું તજી દે છે. જો ઊછરતી વયમાં કંઇક વાંચવાને અથવા અભ્યાસ કરવાને બાળકો ઇચ્છતા નથી તો તેઓ ભવિષ્યમાં તેમ કરવા ઈચ્છનાર સર્વને વિઘ્નરૂપ થઈ પડે છે. વળી તેઓ કેવળ સ્વાર્થપરાયણ હોય છે અને જ્યારે તેઓ બીજાને પોતાની સાથે રમતગમતમાં જોડવા ઈચ્છે છે ત્યારે શું કારણથી બીજા લોકો વાંચવામાં અથવા અભ્યાસ કરવામાં ગુંથાય છે તે તેઓની સમજશક્તિમાં આવી શકતું નથી. આત્મસુધારણાની ટેવનો ગૃહમાં પ્રચાર થઇ જાય છે તો પછી તે આહ્લાદક થઇ પડે છે. અને યુવાનો જેટલી આતુરતા રમતગમતના વખતની રાહ જોવામાં બતાવે છે તેટલી જ આતુરતા અભ્યાસના વખત માટે બતાવશે.

એક કુટુંબ એવું છે કે જેમાં કુટુંબના બધા માણસો આબાળવૃદ્ધ પરસ્પર અનુમતિથી અભ્યાસ અને આત્મિક વિકાસ માટે સાયંકાળનો અમુક વખત મુકરર કરી રાખે છે. ભોજન પછી તરત તેઓ એકાદ કલાક સુધી સંપૂર્ણ વિશ્રાંતિ લે છે અને પછી જ્યારે અભ્યાસ માટે મુકરર થયેલ વખત આવે છે ત્યારે આખા ઘરમાં એટલી બધી શાંતિ પ્રસરી રહે છે કે એક ટાંકણી પડવાનો અવાજ પણ સંભળાય. પ્રત્યેક માણસ પોતાના નિયત સ્થળે વાચવામાં, લખવામાં, અભ્યાસ કરવામાં અથવા કોઈપણ પ્રકારના માનસિક કાર્યમાં પ્રવૃત્તિશીલ બનેલો હોય છે. કોઇ પણ કંઇ બોલી શકે નહિ અથવા બીજા કોઇને અંતરાયભૂત થઈ શકે નહિ. કદાચ કુટુંબના કોઇ માણસની પ્રકૃતિ અસ્વસ્થ હોય અથવા કોઇપણ કારણથી વાંચવું લખવું ન ગમે એવુ હોય તો શાંતિ જાળવી રાખી બીજાનાં કાર્યમાં વિઘ્નરૂપ થવું જોઈએ નહિ. અભ્યાસ માટે આ અનુકરણીય પદ્ધતિ છે. વિચારોના ઐક્યનો અને માનસિક એકાગ્રતાનો ભંગ કરે એવી બધી બાબતોથી સંભાળવું જોઇએ. ચિત્તની વિહ્વળતાથી અને અસ્થિરતાથી બે ત્રણ કલાકમાં શીખાય છે તેના કરતાં પૂર્ણ એકાગ્રચિતથી એક કલાક માત્રમાં વાંચનથી અતિશય લાભ થાય છે.

જે લોકો પોતાનો અમૂલ્ય સમય નકામો ગુમાવે છે તેઓને આવા ગૃહના સરસ્વતીમંદિરમાં જો એકાદ કલાક ગાળવાનું બની આવે તો ખરેખર તે તેમને એક પ્રોત્સાહન તરીકે કામ કરશે. આત્મસુધારણાની પ્રાપ્તિ માટે યત્ન કરતા ગૃહનું એવું સરસ અને પ્રકાશમય વાતાવરણ હોય છે કે જેઓ તેમાં પ્રવેશ કરે છે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ ઉત્સાહિત અને ઉત્તેજિત બની સદ્‌વસ્તુઓની પ્રાપ્તિ માટે પ્રેરાય છે.

કેટલીક વખત એક મજબૂત મનવાળા યુવકની સત્તાથી આવા ઘરની ટેવોનો—રિવાજોમાં અને રીત ભાતમાં મહાન પરિવર્તન થઇ જાય છે. જે યુવક નિશ્ચયપૂર્વક જણાવે છે કે તે હતાશ થવા ઇચ્છતો નથી તેવા અને કોઇ પણ યોગ્ય કાર્ય કરવા માટે અશક્ત યુવકોની વચ્ચે મહાન અંતર જોવામાં આવશે.

તમે હરેક પ્રકારે સુધારવા યત્ન કરો છો, તમે આત્મસુધારણાના માર્ગે પ્રયાણ કરવા તત્પર છો એ વાત પ્રસિદ્ધિમાં આવવાથી તમને જાણનારા દરેકનું ધ્યાન ખેંચાશે. અને જેઓ ઉચ્ચગામી થવાને જરા પણ યત્ન કરતા નથી તેઓને જે વસ્તુ અપ્રાપ્ય છે તે તમને સહજ રીતે પ્રાપ્ત થશે. ઉદ્યોગી માણસોનાં જીવનનો પણ ઘણો ભાગ નિરર્થક જાય છે, જેનો બરાબર ઉપયોગ કરવામાં આવે તો લાભકારક થવા સંભવ છે.

ઘણી ગૃહિણીઓ સવારથી રાત સુધીગૃહ કાર્યમાં એટલી બધી ગુંથાયલી રહે છે કે તેઓ એમ માને છે કે તેઓને પુસ્તકો, માસિકો અથવા સમાચારપત્રો વાંચવાનો જરા પણ અવકાશ મળતો નથી. પરંતુ જો તેઓ પોતાનું કાર્ય પદ્ધતિસર ચલાવે તો તેઓ કેટલો બધો સમય બચાવી શકે તે જોઈને તેમને જ આશ્ચર્ય થશે. પદ્ધતિ એ જ વખત બચાવનાર છે, અને ખરેખર, આપણું જીવનનો ક્રમ એવો રચવો જોઇએ કે જેથી કરીને આત્મસુધારણા અને આત્મોત્કર્ષ માટે આપણને પૂરતો સમય મળી શકે. જો કે આ ખરી હકીકત છે તો પણ ઘણા લોકો એમ માનતા હોય છે કે દરેક કામ પૂરું થયા પછી બાકી રહેલો વખત એ જ આત્મ-સુધારણા માટે યોગ્ય સમય છે. બીજાં કાર્ય કરવા માટે જે વખતની જરૂર નથી હોતી એવો વખત પોતે જ્યાં સુધી બચાવતો નથી ત્યાં સુધી જો તે અગત્યની બાબતો પરત્વે ધ્યાન ચોંટાડે નહિ તો એક ધંધાદારી માણસ કંઈ પણ કરી શકે નહિ એ નિઃસંદેહ વાત છે. કુશળ ધંધાદારી માણસ સવારમાં ઓફિસે અને અગત્યના કામમાં તરત જ પરોવાઇ જાય છે. તે સારી રીતે સમજે છે કે જો તે બધી બહારની ઝીણી ઝીણી બાબતો ઉપર ધ્યાન આપશે, જે કોઇ મળવા આવે તેને મળશે અને જે જે પ્રશ્નો તેને પૂછવામાં આવે તેનો જવાબ આપવામાં રોકાશે તો તેનું મુખ્ય કારણ હાથમાં લેતાં પહેલાં ઓફિસ બંધ કરવાનો સમય થઈ જશે. આપણામાંના ઘણાખરા તો જે બાબતો પોતાને પ્રિય હોય તેને માટે અવકાશ મેળવવા યત્ન કરતા હોય છે. કોઇને જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છા હોય છે, કોઇને આત્મસુધારણા માટે તીવ્રતાથી ઉત્કંઠા ધરાવે છે. તો કોઇને વાંચનનો શોખ હોય છે. આ પ્રમાણે સૌ પોતપોતાની પ્રિય બાબત માટે અવકાશ મેળવવાને યત્નશીલ રહેશે; કારણ કે જ્યાં ઇચ્છા હોય, ઉત્કંઠા હોય, શોખ હોય ત્યાં સમય સ્વાભાવિક રીતે મળી રહે છે.

ઉપયોગી બાબતોની ખાતર નિરુપયોગી બાબતોનો આદર અને ત્યાગ કરવાના નિશ્ચય માત્રની જ અપેક્ષા છે. જે વસ્તુઓ પરિણામે વધારે અનુકૂળ અને લાભ-પ્રદ થઈ પડે એમ હોય તેની ખાતર વર્તમાન અનુકૂળ વસ્તુઓને તિલાંજલી આપવાના નિશ્ચય માત્રની જ અપેક્ષા છે. વર્તમાન આનંદ અને એશઆરામની ખાતર ભવિષ્યના હિતનો ભોગ આપવાની હંમેશા લાલચ હોય છે. કોઇ સાનુકૂળ વખત માટે વાંચવાનું કાર્ય મુલતવી રાખી નકામી વાતોમાં વખત ગુમાવવાની અથવા નકામી મજા મેળવવાની સામાન્ય ઇચ્છા સ્વાભાવિક રીતે દરેકને હોય છે.

જેઓ પોતાનાં કાર્યો પદ્ધતિસર બજાવી શક્યાં છે અને જેઓએ પોતાનો કાર્યક્રમ નિયમસર રચ્યો છે તેઓ જ મહાન કાર્યો કરવાને સમર્થ નીવડ્યા છે. જેઓ સમયની કિંમત બરાબર સમજ્યા છે તેઓએ જગતના ઇતિહાસમાં નામના મેળવી છે અને તેઓ જ ચિરસ્મરણીય બન્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો તમારે આનંદી સ્વભાવ કેળવવો હોય, નવીન મજા, નૂતન મજા, નૂતન ભાવના, નવલ ઉત્સાહ, કદાપિ પૂર્વે નહિ અનુભવેલું નવું ચૈતન્ય પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તો સારા સારા માસિકો, સારા સારા પુસ્તકો હમેશાં નિયમિત રીતે વાંચવાની શરૂઆત કરો. શરૂઆતમાં અત્યંત વાંચવાનો યત્ન કરવાથી તમારે કંટાળી જવું નહિ. એકી વખતે માત્ર થોડું જ વાંચવાની ટેવ રાખવી. પણ હંમેશાં થોડુ તો વાંચવું જ એવી નિશ્ચયાત્મક ટેવ પાડો. કેટલું થોડું વંચાય છે તેની દરકાર ન કરો. જો તમે ખરા દિલથી તે પ્રવૃત્તિનો આરંભ કર્યો હશે તો તમારો વાંચવાનો શોખ દિવસે દિવસે વધતો જશે અને યોગ્ય વખત જતાં તેનાથી તમે અચિંતિત અનનુભૂત આનંદ અને સતોષના ભોક્તા બનશો. તેનાથી તમારામાં અજબ ચૈતન્ય અને ઉલ્લાસ જાગૃત થશે.


કસરતશાળા તરફ દૃષ્ટિ કરતાં કેટલાક એવા મંદોત્સાહી લોકો જોવામાં આવે છે કે જ્યાં પોતાનાં શરીરના સ્નાયુને મજબૂત બનાવે એવી પદ્ધતિસર નિયમિત કસરત કરવાને બદલે એક વસ્તુ પરથી બીજી વસ્તુ પર હેતુ વગર કૂદે છે. એકાદ બે મિનિટ સુધી દંડ પીલવાની કસરત કરે છે. વળી તેને છોડીને હીંચકાની કસરત ખેલે છે. આ પ્રમાણે પદ્ધતિ વગરનું કરવાથી સમય અને શક્તિનો દુર્વ્યય થાય છે. આવા લોકો કસરતશાળામાંથી દૂર રહે એ જ ઇષ્ટ છે. કેમકે હેતુ અને ઐક્યની ખામીને લીધે તેઓને લાભ કરતાં હાનિ વધારે થાય છે. કસરતથી બળવાન થવાની ઇચ્છા રાખનારે હેતુપુરઃસર અને પદ્ધતિપુરઃસર કસરત કરવાનું લક્ષમાં રાખવું જોઇએ.

શારીરિક અને માનસિક કસરતમાં થોડો ફેર છે. જો કે પદ્ધતિની જરૂરિયાત બન્નેમાં સરખી જ છે. જેઓ એક પછી એક પુસ્તક હાથમાં લઇને પડતું મૂકે છે. જેઓ માત્ર સ્વાદ ચાખનારા જ હોય છે, ઘડીભર એક પુસ્તક તો ઘડીભર બીજું પુસ્તક જેઓ લે છે, અને જેઓ પુસ્તકનાં પાનાં આમથી તેમ નિર્હેતુક ફેરવી જાય છે તેઓ વાંચનથી માનસિક વિકાસ કરી શકે એ અસંભવિત છે. વાંચનથી વિશેષ લાભ સંપાદન કરવા માટે તમારે હેતુપુરઃસર વાંચવું જોઇએ. માત્ર ફુરસદનો સમય વ્યતીત કરવા ખાતર એકાદ પુસ્તક નિર્હેતુક હાથમાં લેવું એ અપકર્ષસૂચક છે. તે આના જેવું છે કે કોઇ શેઠ એક માણસને નોકર તરીકે રાખીને તેને કહે કે જ્યારે મારી મરજીમાં આવશે ત્યારે તને કામ સોંપીશ અને મરજીમાં આવશે ત્યારે આરામની છૂટ આપીશ અને મને કંટાળો આવશે ત્યારે તને નોકરીમાંથી છૂટો કરીશ.

જે પુસ્તક તમે કોઇપણ હેતુપુરઃસર વાંચવા ઇચ્છતા હો તો તે પુસ્તક તમારે શ્રમિત અને અવ્યવસ્થિત ચિત્તથી વાંચવાનું કદાપિ શરૂ કરવું નહિ. જો તમે તેમ કરશો તો તેનાથી તમને કશો લાભ થશે નહિ એ ખાતરીપૂર્વક માનજો. હંમેશા ઉલ્લાસપૂર્વક અને સંપૂર્ણ ઉત્સાહપૂર્વક વાંચવાની ટેવ રાખો. મનની વ્યગ્રતા કે જેનાથી ઘણાને દુઃખ થાય છે અને આધુનિક જમાનામાં વાંચનનાં સાધનો પ્રાપ્ત કરવાની સગવડતા વધી જવાથી જે વ્યગ્રતાને ઉત્તેજન મળે છે તેને દૂર કરવા માટે આ ટેવ ઘણી જ અસરકારક અને અનુપમ ઔષધિ છે. હેતુપુરઃસરના વાંચનથી તમને જે સંતોષ અને આનંદ થશે અને તેના પરિણામે તમે જે માનસિક વિકાસ અને વિશાળતા અનુભવશો તે બીજા કશાથી થવું અશક્ય છે. અને તે વખતે આપણને ખ્યાલ આવે છે કે આપણે અજ્ઞાન તથા બીજાં માનસિક આવરણોને તેમ જ આપણા ઉત્કર્ષમાં અડચણ કરનાર વસ્તુઓને આપણે છિન્નભિન્ન કરી નાખીએ છીએ. જ્યારે મનની સંપૂર્ણ એકાગ્રતાપૂર્વક વાંચવામાં આવે છે ત્યારે જ માનસિક બળમાં વધારો થાય છે. એટલા માટે જે પુસ્તક વાંચવાનું શરૂ કરવું તે અંતઃકરણપૂર્વક તેમ જ સંપૂર્ણ એકાગ્રતા યુક્ત પ્રસન્ન ચિત્તથી જ વાંચવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનો અને અહિંસા તત્ત્વ

લેખક—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

પર્યુષણ પર્વ નિમિત્તે વ્યાખ્યાનમાળાનો લાભ જનસમુદાયને અનેક રીતે લાભદાયી નિવડે છે. જૈન-પરંપરામાં પવિત્ર સંયમની વૃદ્ધિમાં ગંભીર ચિંતન પ્રેરે એવા મનાયા છે. જેમ શ્રાવણ માસમાં આ દિવસોમાં ભગવાન મહાવીરનું જીવનચરિત્ર સાધુ-મુનિરાજો વાંચે છે અને શ્રાવકોને શ્રાવિકા સાંભળે છે. કલ્પસૂત્ર વંચાય છે. દાન, તપશ્ચર્યા ઉપવાસ અને સાંવત્સરિક પ્રતિક્રમણ થાય છે. પ્રાચીન વારસાને ઉજ્વલ કરવાનો, તેજસ્વી બનાવવાનો હેતુ જણાય છે. આ પવિત્ર દિવસોમાં આપણે બધાએ કરવાનું છે. **मित्ती मे सव्वभूएसु** એવી મૈત્રી યુક્ત ભાવનાને પરિણામે ને નવા વર્ષ માટે જીવો વિચારમય અને વિવેકયુક્ત બને. જૈનો અહિંસા તત્ત્વને એક પ્રધાન અંગ માને છે. જે મહાપુરુષે અહિંસા જોઈ જીવનમાં પ્રગટાવી તેમને હજારો વંદન. અહિંસાનું સ્વરૂપ સમજવાની, તેની શક્તિ શોધવાની અને પ્રગટાવવાની જરૂર છે.

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય વનસ્પતિકાય અને ત્રસકાય એ છ પ્રકારનાં જીવોને પોતે હણવા નહિ, હણાવવા નહિ અને હણતાને અનુમોદવું નહિં એવું સૂત્ર છે. અખિલ વિશ્વ સાથે મૈત્રી કરવાનો, પ્રેમ કરવાનો આ ધર્મ છે. પણ એ મૈત્રી કેમ સધાય ? એની શરૂઆત કયાંથી કરવી ? કેમ કરવી ? હમેશાં વિશેષ સંબંધો કોની કોની સાથે આવે છે એ ન સમજાયાથી અહિંસાનું સ્વરૂપ વિસારે પડી ગયું અને વિકૃત પણ થયું છે. નાના જીવોને બચાવવા અને મોટા જીવોને મારવા તે મહાપાપમય છે. જંતુઓની રક્ષા કેમ કરવી ? તે જૈન માત્રનું ભૂષણ છે. કંદમૂળ ન ખાવું, રાત્રી-ભોજનનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ને અહિંસા એ હૃદયનો ગુણ છે. પ્રેમ–મૈત્રી–કરુણા–નિર્ભયતા એ ગુણોનો વિકાસ સાથે થતો આચાર એ અહિંસાનું પાલન જરૂર સમજજો. પ્રભુ મહાવીર સાડાબાર વર્ષની તપશ્ચર્યાને અંતે જ્યારે તેઓ શાંત થયા–સમાધાન પામ્યા ત્યારે હૃદયમાં પ્રસન્ન હતા, શાંત હતા. બહારના સુખદુઃખના પ્રસંગોમાં ધૈર્યવાન હતા. રાગદ્વેષને જિતનારા ખરેખર તે મહાપુરુષને ધન્યવાદ ઘટે છે. **જૈનો અહિંસા તત્ત્વ સમજો ને હૃદય**માં ઉતારો એ જ લાભદાયી છે.

---

નિશ્ચેષ્ટ વાંચનની અસર અવ્યવસ્થિત વાંચનની અસર કરતાં વધારે નુકશાનકારક નીવડે છે. જેમ કસરતશાળામાં બેસવાથી શરીર મજબૂત થઈ જાય એ આશા વ્યર્થ છે. તેમ આવા પ્રકારનાં વાંચનથી મગજના તંતુઓ બળવાન બને એ આશા પણ આકાશકુસુમવત્ છે; કેમકે આવા પ્રકારનાં વાંચનમાં મન નિશ્ચેષ્ટ અને અસ્થિર હોય છે. અને કોઈ પણ સ્થળે એકાગ્ર થયા વગર અહિંતહિં ભટકતું હોય છે. આવું વાંચન માનસિક શક્તિને તેમ જ બુદ્ધિને નિર્બળ બનાવે છે અને મગજને કઠિન વિષયોમાં પડવાની શક્તિ વગરનું કરી મૂકે છે.

જો મગજ અંતઃકરણથી દોરાતું નથી, જ્ઞાન પ્રાપ્ત કરવાની તીવ્ર અભિલાષા, વિશાળ વિકાસ માટેની ઉગ્ર ઉત્કંઠા અને મનોરાજ્યને ઉચ્ચતમ આદર્શો અને ભાવનાઓથી વિભૂષિત કરવાની પ્રબળ ઇચ્છા- એ સઘળા વાંચનના હેતુ નથી હોતા તો તમને કોઇ પણ પુસ્તકના વાંચનથી ઉત્તમ લાભ થશે નહિ. પરંતુ જેવી રીતે તપેલી જમીન વરસાદના પાણીને ચૂસી લે છે તેવી રીતે તમારો જ્ઞાનપિપાસુ આત્મા લેખકના વિચારોનું પાન કરી લે તો જ તમારી ગુપ્ત અપ્રકટ શક્તિઓ જમીનમાંના બીજની માફક નવીન જીવન અને ચૈતન્ય પ્રાપ્ત કરી શકશે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગુજરાતના કેટલાક તીર્થસ્થાનો
# સેંધા (સેંઢા) પેઢા

લેખક : મુનિમહારાજ શ્રી વિશાળવિજયજી

ચાણસ્માથી એક ગાઉ દૂર આવેલું સેંઢા નામનું ગામ. ત્યાંથી નજીકના ખેતરમાંથી પ્રાયઃ ૨૦૦૪ની સાલમાં એક પ્રતિમાજી નેમનાથ ભગવાન સફેદ વર્ણવાળા પ્રગટ થયાં હતાં, તેની માહિતી નીચે પ્રમાણે છે–

એ જ ગામનો પટેલનો છોકરો, એક કુંભારનો છોકરો તથા એક કોળીનો છોકરો, તે સિવાયના બીજા બેત્રણ છોકરાએ સાંજના ચાર વાગ્યાની આસપાસના સમયે ગામમાંથી રમતાં રમતાં આ ખેતર સુધી આવ્યા. ખેતરની પાસેના ખાડાના ખાબોચીયામાં છોકરાએ કૂદકા મારતાં મારતાં રમતાં જતાં હતાં તેમાંથી કોઈ કહે છે કે મુખ્ય પટેલનો છોકરો અને કોઈ કહે છે કોળીનો છોકરો રમતાં રમતાં તેનો ગોઠણ પ્રતિમાજી સાથે અથડાયો. છોકરાએ બધાં ભેગા થઈ સારો ચમકદાર પત્થર છે, તો આપણને રમવા કામ લાગશે તેમ સમજી ખોદવા લાગ્યા. જેમ જેમ ખોદતા લાગ્યા તેમ તેમ પ્રતિમાજીના અંગો સ્પષ્ટ દેખાવા લાગ્યા. પ્રતિમાજીની આસપાસ લાલ કંકું હતું એટલે પ્રતિમાજી કંકુવાળા દેખાયા. છોકરાઓએ આસપાસના માણસોને બોલાવ્યા. ઘણાં માણસો ભેગા થઈ ગયા. આ તો વાણીયાના ભગવાન છે, પણ શું ચમત્કારી મૂર્તિ છે. બધાંએ મૂર્તિને બહાર લાવવા પ્રયત્ન કર્યો પણ ન આવી શક્યા. પરંતુ પેલા છોકરાએ હાથ અડાડ્યો એટલે તુરત જ પ્રભુજી ઉપડ્યા. પાસેથી એક ગાડું લાવ્યા. પ્રભુજીને નવરાવીને તે ગાડામાં પધરાવ્યા. શું ગામનો ઉત્સાહ! અજાણ પ્રજામાં પણ ઉત્સાહ સારો! ઢોલીઓને બોલાવ્યા, વાજતેગાજતે લોકો પ્રભુજીને ગામમાં લાવી શંકરના મંદિર પાસે એક ઊંચા આસનવાળી બેઠક બનાવી પ્રભુજીને પધરાવ્યા. અને ચાણસ્માવાળા જૈન ભાઈઓને આ વાતની ખબર પડી તેથી તેઓ સેંઢા આવ્યા. આવીને તે લોકો પાસેથી તેણે પ્રતિમાજીની માંગણી કરી. ગામ લોકાએ કહ્યું કે–અહીંયા મંદિર બંધાવો, પંચ નીમો. ત્રણ તમારા માણસો અને બે અમારા–એમ કરી પાંચેની કમીટી સ્થાપો. થોડો ટાઇમ આ પ્રમાણે ચાલ્યું. દર્શનાર્થે આજુબાજુથી ઘણાં માણસો આવતાં હતાં, પરંતુ છેવટે કાયમ આ રીતે થાય તે ઠીક નહી એમ સમજી ચાણસ્માવાળાએ અહીંના ગામના લોકોને સમજાવી પોલીસપાર્ટી સાથે તે પ્રતિમાજીને ચાણસ્મા લાવીને ચાણસ્માના દેરાસરમાં જિનાલયની અંદર ગભારા બહાર પધરાવવામાં આવ્યા. આ પ્રતિમા બહુ પ્રાચીન છે અને બહુ જ રમણીય છે. આ ગામ (સેંઢા) પાંચસો વર્ષ પહેલાંનું છે. તે વખતે આ મોટું નગર હોવું જોઈએ. વર્તમાનકાળમાં પ્રાયઃ ફરીને ઠેકાણે ઠેકાણે જમીનમાંથી પ્રતિમાઓ નીકળે છે. મુખ્ય કારણ એ લાગે છે કે અલ્લાઉદ્દીન ખૂનીના વખતમાં બહુ જ ત્રાસ હતો. સેંકડો ગામોમાં જૈન, હિંદુ, બૌદ્ધો વગેરેના મનોહર દેરાસરો, મૂર્તિઓ, પુસ્તક વીગેરેનો ભંગ કરી નાખતો હતો. એ વાત જગપ્રસિદ્ધ છે. ઔરંગઝેબ થયો તે પણ મૂર્તિઓ, દેરાસર, પુસ્તકો વગેરેનો નાશ કરતો હતો. તે સમયમાં લોકોને પહેલેથી માલુમ પડી જાય તે વખતે લોકો પહેલેથી મૂર્તિ વગેરેને ખેતરમાં, ભોંયરામાં, ભીંત વગેરેમાં ભંડારી દેતાં હતાં. પ્રજા એના ત્રાસથી બીજે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગી જતાં હતાં. જ્યારે શાન્તિ થાય ત્યારે કેટલાક લોકો પાછાં આવતાં. તેઓ જ્યાં મૂર્તિ ભંડારી હોય ત્યાંથી લાવી દેરાસરમાં પધરાવતા પણ ખરા. કેટલેક ઠેકાણે શ્રાવકો પાછા ન આવવાથી તે ગામમાં જ્યાં પ્રભુજીને ભંડારવામાં આવ્યા હોય તે ત્યાં ને ત્યાં જ રાખવામાં આવ્યા હોય. અર્થાત્ જમીન વગેરેમાંથી બહાર લાવવામાં ન આવ્યા હોય. આ જ કારણથી જમીનમાંથી મૂર્તિઓ પ્રગટ થાય છે. જેમકે ઉપરિયાળા તીર્થ છે. અત્યારે જે મૂર્તિઓ વિદ્યમાન છે તે કારણ-વશાત્ ૨૫૦-૨૭૫ વર્ષ પહેલાં જમીનમાં ભંડારી દેવામાં આવેલ કારણ કે ઉપરીયાળા તીર્થ ૫૦૦ વર્ષ પહેલાંનું છે. જુઓ પૂજ્યપાદ ગુરુમહારાજના છપાયેલા ઉપરીયાળા તીર્થનું પુસ્તક જોવાથી બધી હકીકત માલુમ પડશે. તેવી રીતે પંચાસરથી વણોદ જતાં બે ગાઉ ઉપર એરવાડા ગામ છે. અત્યારે ત્યાં એક પણ શ્રાવકનું ઘર નથી. વિક્રમ સંવત ૧૯૮૬-૮૭માં કુંભારની ભીંતમાંથી પરિકર સહિત પંચતીર્થી આદીશ્વર ભગવાનની આરસની મૂર્તિ પ્રગટ થઈ. લગભગ ૨॥ ફુટ ઊંચા છે. તેના ઉપર વિક્રમ સં. ૧૧૦૨નો લેખ છે, તે પ્રતિમા એરવાડાના શ્રાવકોએ ભરાવી છે કારણવશાત પ્રભુજીને ભંડારી દેવામાં આવ્યા હશે અને શ્રાવકો બહાર ગામ ચાલ્યા ગયા હશે. તેવી જ રીતે સેંઢામાં કાં ન બન્યું હોય? થરાદમાં એક નાનું દેરાસર, ત્રણ થોયનો મોટો ઉપાશ્રય જેમાં રાજેન્દ્રસૂરિ વગેરેની મૂર્તિઓ છે તે ઉપાશ્રયની નજીક નાનું દેરાસર છે. તેમાં ધાતુની મૂર્તિ ઉપર લગભગ ૧૧-૧૨ ૧૩મી શતાબ્દીનો લેખ છે તે લેખની અંદર સેંઢા નામ આપેલ છે અને તે ગામના શ્રાવકોએ ભરાવેલ છે. આ ઉપરથી માલુમ પડે છે કે આ પહેલાં શ્રાવકોની વસ્તી ભરપૂર હશે અને શ્રીમંતો પણ ઘણાં હશે.

असज्जनः सज्जनसंगयोगात्,
करोति दुःसाध्यमपीह साध्यम् ।
पुष्पाश्रयाच्छंभुशिरोऽधिरूढ़ा
पिपीलिका चुम्बति चन्द्रबिम्बम् ॥

હરિગીત

દુર્બલ જનો આ જગતમાં સજ્જનતણી સંગતિથકી,
સાધી શકે છે પલકમાં દુઃસાધ્ય વસ્તુ પણ નકી;
કીડી કરીને કુસુમનો આશ્રય ચડે શિવ-શિર પરે,
પ્રેમે પછી તે ત્યાં રહેલા ચંદ્રનું ચુંબન કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રવણભક્તિના લાભ

લેખક—શ્રી બાલચંદ હીરાચંદ, સાહિત્યચંદ્ર

વડીલો પોતાના બાલકોને અનેક રીતે માર્ગદર્શન કરે છે. અને તેમનું જીવન સુધારે અગર બગાડે છે. બાલકો હમેશ અનુકરણપ્રિય હોય છે. અને વડીલો જે બોલે અને આચરે તેમ બાલકો પણ આચરણ કરતા હોય છે. બાલકોની બુદ્ધિ થોડી પણ ખીલે છે અને તેમનું ધ્યાન તેમના વડીલોની કૃતિ અને ભાવના પદ્ધતિ તરફ ખેંચાય છે. એટલે જાણ્યે અજાણ્યે વડીલો બાલકોને માર્ગદર્શન કરતા રહે છે. બોલવાથી કે ઉપદેશ કરવાથી જ બધું બને છે એમ નહીં, પણ બોલવા વગર પણ બાલકો ઘણી વસ્તુઓ ગ્રહણ કરે છે. એટલે જ આપણને શ્રવણ કરવાથી ઘણું મળી જાય છે. ઐહિક લાભ મેળવવાનો ઉપદેશ તો વડીલો બાલકોને આપે છે જ પણ પારલૌકિક કે ધર્મોપદેશની વિચારણા પણ બાલકો વડીલો પાસેથી મેળવી લ્યે છે. અને એમની શ્રદ્ધા અને ભાવના એ ઉપરથી જ ઘણુભાગે ઘડાય છે. બધા જ વડીલો પોતાના બાલકોને યથોચિત ઉપદેશ આપે છે. એમ હોતું નથી. ઘણા વડીલો તો પારમાર્થિક દૃષ્ટિથી જ્ઞાનમાં તદ્દન બાલકો જ હોય છે: અર્થાત્ એઓ બાલકોને સાચી રીતે માર્ગદર્શન કરી શકે જ એવો નિયમ નથી માટે જ આપણે જે સાંભળવાનું હોય કે સંભળાવવું હોય તે સાચું અને યથોચિત હોવું જોઇએ. આપણા આત્માને તેથી ગુણ જ થાય એવું આપણે સાંભળવું જોઇએ.

સાંભળવા તો આપણને ઘણું મળે છે. આપણે ઘરમાં બેઠેલા હોઇએ કે બજારમાં હોઇએ, પ્રવાસમાં હોઈએ કે ભોજનગૃહમાં હોઈએ, ન્યાયાલયમાં હોઈએ કે સીનેમા જોતા હોઈએ, ગાયનની મહેફિલમાં ખાન-પાનની મજા ચાખતા હોઇએ કે સટ્ટા ખેલતા હોઇએ, સાંભળવું તો પડે છે જ. કજીયામાં અભદ્ર શબ્દો અને લડાઇમાં ક્રોધના આવિષ્કાર સાંભળવા માટે કાંઈ ખાસ પ્રયત્નો કરવા પડતા નથી. એવાં પ્રસંગો તો અનાયાસે આપણી આસપાસ નિર્માણ થયા જ કરે છે. એ બધું સાંભળવાથી આપણને કયો લાભ થાય છે? લાભ થવાનો સંભવ તો ત્યાં જરાએ નથી. પણ ઉલટું આપણા આત્માને નુકસાન તો થાય છે જ એમાં શંકા નથી. આવી આવી વાણી સાંભળવાથી ક્રોધ, દ્વેષ, ઇર્ષ્યા, ભય, શોક વિગેરે આત્માને નુકસાન પહોંચાડનારા અને આ સંસાર વધારનારા અનંત અવગુણો વધવાના માત્ર જરૂર કારણો મળી જાય છે. આવું બધું સાંભળવા કરતાં તો આપણા કાન બહેરા થઈ ગએલા હોય તો શું ખોટું? જ્યાં આવું સાંભળવા મળતું હોય ત્યાંથી દૂર દોડી જવાતું હોય તો કેવું સારૂં? જેમાં લાભ કરતા હાનિ વધુ હોય તેવી વાર્તા કે શબ્દસમુચ્ચય આપણે શા માટે સાંભળવા? ત્યારે પ્રશ્ન એ થાય છે કે, ત્યારે સાંભળવું શું? જ્યારે આપણને કાન મળેલા છે ત્યારે ઇંદ્રિયનો ઉપયોગ તો થવાનો જ, માટે તેનો સારામાં સારો ઉપયોગ કરી લેવો એ આપણું કર્તવ્ય થઇ પડે છે. એ કર્તવ્ય આપણે શી રીતે બજાવીએ એનો વિચાર આપણે કરીએ.

ભગવાન તીર્થંકર દેવોના પ્રત્યક્ષ મુખથી વહેતા સુગંધી રસભક્તિવાળા શબ્દપુષ્પો જેમણે ઝીલ્યા હશે એવા ભાગ્યવંતોની વાત આપણે બાજુ ઉપર મૂકીએ. કારણ એ વસ્તુ મળવી એ આપણા ભાગ્યની વસ્તુ નથી. જે આત્માને લાભ મળ્યો હશે તેમના ચરણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા શતશઃ પ્રણામ હો ! પણ એમાંથી અંશ ગ્રહણ કરી જે જ્ઞાની મહાત્માઓએ આપણા માટે વિશદ કરી કહ્યો છે. અને એ અમૃતનો લાભ ઘણા અજ્ઞાની જીવોને થાય એવા હેતુથી તેનો સંગ્રહ કરી રાખેલો છે તેઓના ચરણે પણ અમારા વંદન હો ! એ અલ્પાંશ પણ અનંત ભંડાર સમો છે તેમાંથી મોટો ભાગ પણ હજુ અજ્ઞાત જ રહ્યો છે. છતાં તેમાંથી અલ્પ પ્રકાશના કિરણો આપણે મેળવી શકીએ એમ છીએ. એ કિરણો ઝીલવાનો અને એ અલ્પપ્રકાશની ઝાંખીમાં આપણે જો આત્મદર્શન મેળવી શકીએ તેમ હોય અને એવો અમૂલ્ય અવસર આપણને મળી જાય અને આપણે તે બેદરકારીથી ગુમાવી દઈએ ત્યારે મૂર્ખ આપણે જ કે બીજું કોઈ ?

આપણે સાંભળવું અને તે પણ જેમ ઉપદેશ તેમજ પોતાની આચરણા અને વિચારસરણી હોય તેવા સદ્‌ગુરુના મોઢે સાંભળવું જોઈએ. જેના ઉપર આપણો અનન્ય વિશ્વાસ હોય, જે આપણો તારણહાર અને માર્ગદર્શક છે એવી શ્રદ્ધા આપણા મનમાં જાગી હોય, અને જે આપણને આત્માના તરવાનો જ માર્ગ દાખવે છે, અને આત્માના વિરોધી ગુણોને કોઈ રીતે પોષણ આપતો નથી એવી ખાત્રી હોય એવા સદ્‌ગુરુની વાણી આપણે સાંભળવી જોઈએ. એવી વાણી સાંભળી તેને સમજવી જોઇએ. આપણે તેમાંથી કેટલું ગ્રહણ કરી શકીએ છીએ અને તેમાંથી પ્રત્યક્ષ આચરણમાં કેટલું લાવી શકીએ છીએ તેનો વિચાર કરીએ અને તેમ જ આપણી લાયકી શું છે? તેનો પણ તોલ આપણા મન સાથે વિચાર કરી કાઢી લેવો જોઈએ. આપણે જે આચરી શકીએ નહિ તે માટે આપણે પશ્ચાત્તાપ કરી જે કોઈ તે આચરી બતાવતા હોય તેમની અનુમોદના અને પ્રશંસા કરવી જોઈએ. જ્યારે સાંભળવાથી અર્થાત્ શ્રવણભક્તિ કરવાથી લાભ થતો હોય તો તે લાભ કેવી રીતે થાય તેનો આપણે વિચાર કરીએ. એ માટે એક સુભાષિતકાર કહે છે:-

**श्रुत्वा धर्मं विजानाति श्रुत्वा त्यजति दुर्गतिम् ।**
**श्रुत्वा ज्ञानमवाप्नोति श्रुत्वा मोक्षमवाप्नुयात् ॥**

એટલે સાંભળવાથી ધર્મ શું છે એ જાણવા મળે છે. સાંભળવાથી દુર્ગતિમાં જવાનું ટળી શકે. સાંભળવાથી જ્ઞાન મળે અને છેવટ મોક્ષની પ્રાપ્તિ પણ સાંભળવાથી જ થાય, એવો એનો અર્થ છે. એમાં સાંભળવાથી પ્રથમ તો આપણે શું કરવા લાયક છે અને શું છોડવા લાયક છે એ જાણવામાં આવે. એ ધર્મ શબ્દમાં ફક્ત મંદિર કે ઉપાશ્રયની ક્રિયાનો જ એકલો સમાવેશ થતો નથી. આપણને બેસતા ઉઠતા, ફરતા હરતા, ખાતાપીતા, ઉંઘતા જાગતા, આપણા સંબંધી, આપ્ત અને આશ્રિત જનો સાથે અને વેપારવ્યવહારમાં તેમ જ સંકટપ્રસંગે અને આનંદપ્રમોદ પ્રસંગે કેવું આચરણ કરીએ એ બધી વસ્તુઓનું જ્ઞાન આપણને મળે એનો સમાવેશ થાય છે. દરેક પ્રસંગે આપણા મનનું સમતોલપણું જાળવી આપણા આત્માને નુકસાન ન થાય તેમ સામા માણસને સંકટમાં તો આપણે નથી નાખતા ને ? એનો વિચાર મનમાં સાવધાનપૂર્વક જાગે એવી આચરણાનું જ્ઞાન મળે એવું સાંભળવાને જ શ્રવણભક્તિનું ઉપમાન આપી શકાય. એવી રીતે સાંભળી જીરવતા શીખીએ તો અનાયાસે દુર્ગતિ ટળી શકે. દુર્ગતિ મળવાનું મુખ્ય કારણ એ આપણી આચરણા જ હોય છે. આપણી બેદરકારી, આપણું અનવધાનપણું, આપણા ઉપર વાસના અને ઇંદ્રિયોએ કરેલું આક્રમણ અને આપણે આપણું સમતોલપણું ગુમાવી કરેલું અપકૃત્ય એ જ આપણી દુર્ગતિનું કારણ છે. એ માટે જ વારંવાર ધર્મના પ્રવચનો સાંભળવા, તે જીરવવા અને આપણી આચરણામાં સુધારો કરતા રહેવું એ આપણું કર્તવ્ય થઈ પડે છે.

અનેક સંતપુરુષોના મુખે જુદી જુદી દૃષ્ટિથી વર્ણવેલી ધર્મની વ્યાખ્યા, તેની સમજુતી સાંભળવાથી આપણા જ્ઞાનમાં અવશ્ય વધારો થયા જ કરે છે. આપણા મનને પોષક એવું ખાદ્ય એ પૂરું પાડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે વિચાર કરતા થઈ જઈએ છીએ. અને આપણા વિચારને વેગ મળે છે, સારાસાર વિવેકની બુદ્ધિ આપણામાં વધે છે અને પરિણામે આપણા હાથે અપકૃત્ય થતું અટકે છે. જ્ઞાનનો મહિમા ઘણો મોટો છે. જે કાર્ય અજ્ઞાની લોકો ક્રોડ ભવોમાં કરી શક્યા ન હોય તે કાર્ય જ્ઞાની ક્ષણવારમાં સાધી જાય છે. જ્ઞાની બધું જ કાર્ય વિવેકપૂર્વક કરે છે. અને તેને લીધે જ તેને પરાભવ કે પશ્ચાત્તાપનું કારણ ઉપસ્થિત થતું નથી, માટે જ શ્રવણભક્તિનું કાર્ય આપણે અવિરતપણે ચાલુ રાખવું એ આપણું કર્તવ્ય થઇ પડે છે.

આપણે જો શ્રવણભક્તિનું કાર્ય ચાલુ રાખી આપણા જીવન સાથે એને ઓતપ્રોત કરતા હોઇએ તો મુક્તિને નોતરું આપવાની જરૂર નથી. તે તો સ્વાભાવિક રીતે જ આવી ઊભી રહી શકે. કારણ આપણી શ્રવણભક્તિના પરિણામે નવા કર્મો આવતાં અટકી જ જાય, અને પ્રાચીન કર્મો નિર્વીર્ય થઇ ખસી જતા હોય તો મુક્તિ એનું પરિણામ છે. મુક્તિ કાંઇ જુદી વસ્તુ નથી. દીવાની સાથે પ્રકાશ તો હોય જ. આનંદની પાછળ સુખ તો આવે જ. એને જુદું આમંત્રણ આપવું ન પડે પણ સાથેસાથે એવી શ્રવણભક્તિના સાધનરૂપ સદ્ગુરુની જોગવાઇની જરૂર પડે. એ જો મળે તો એવી શ્રવણભકિત શી રીતે સંધાય ? એ માટે આપણે શું કરવું જોઇએ ?

હાલના કાળમાં ગ્રંથસંપત્તિ છાપખાનાના સાધનથી વધી રહી છે. તેનો લાભ આપણે લઇ શકીએ. જ્ઞાની જનોએ માગધી, સંસ્કૃત, ગૂજરાતી, હિંદી વિગેરે ભાષામાં સુંદર રચના કરેલી છે. તેમાં કથા, સજ્ઝાય, સ્તવન, કાવ્યો વિગેરે અનેક પ્રકારના ગ્રંથો મળી શકે છે. આપણે જો નિત્ય વાચનમાં નિયમિત વખત આપીએ તો શ્રવણભક્તિનો લાભ આપણને જરૂર મળે. માત્ર વાચન માટે તે તે ભાષાનું જ્ઞાન આપણને હોવાની ખાસ જરૂર છે. વાચન કરવું હોય તે એક વિદ્યાર્થીની પદ્ધતિને અનુસરી કરવું જોઇએ. વિદ્યાર્થી વાંચે, ફરી વાંચે, સમજવાનો પ્રયત્ન કરે. જ્યાં નહીં સમજાય ત્યાં પોતાની સ્મરણપોથીમાં તેની નોંધ કરી રાખી કોઇ ગુરુજન પાસે તેનો ઉકેલ મેળવી લ્યે. ફરી વાંચી મનમાં પાકું કરી લ્યે. તે વાચનનો અમલ કરી શકાય તેમ હોય તો તેમ જરૂર કરે. એમ નિરલસપણે દૃઢ શ્રદ્ધાથી આપણે વાંચતા હોઈએ તો આપણા જ્ઞાનમાં વધારો જ થતો રહે. એ રીતે શ્રવણભક્તિનો લાભ આપણને અવશ્ય મળે. એ આપણું અનિવાર્ય કર્તવ્ય છે એમ માની ચાલુ રાખવાની બધાઓને સદ્બુદ્ધિ જાગે એજ અભિલાષા !

शक्यो वारयितुं जलेन हुतभुक् छत्रेण सूर्यातपो,
नागेन्द्रो निशितांकुशेन समदो दण्डेन गोगर्दभौ ।
व्याधिर्भेषजसंग्रहैश्च विविधैर्मंत्रप्रयोगैर्विषम्,
सर्वस्यौषधमस्ति शास्त्रविहितं मूर्खस्य नास्त्यौषधम् ॥

ભુજંગી

શિખા અગ્નિની વારિથી ઓલવાય, રવિતાપ છત્રીવડે દૂર થાય;
રહે તીક્ષ્ણ અંકુશથી વશ્ય હાથી, ખરો ઢાંઢડા દંડ લૈ મારવાથી.
કરે વિષને દૂર મંત્રપ્રયોગો, મટે ઔષધોથી મહાદુષ્ટ રોગો;
દિસે એમ સૌ ઔષધો શાસ્ત્રમાંહી, નથી મૂર્ખની ઔષધિ ભાઈ, ક્યાંહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમદ્ રાજચંદ્રજી અને મહાત્મા ગાંધીજી

## તાત્ત્વિક પ્રશ્નોત્તર

શ્રી. અમરચંદ માવજીભાઈ

પૂજ્ય મહાત્મા ગાંધીજી સને ૧૮૯૧ ની સાલમાં વિલાયતથી બેરિસ્ટર થઈને મુંબઈના બારામાં ઉતર્યા. ડૉ. પ્રાણજીવનદાસ જગજીવનદાસ મ્હેતાનાં વિલાયતનાં સંબંધે તેઓશ્રી તેમનાં ઘેર ઉતર્યા હતા. ત્યાં તેમને કવિ રાયચંદભાઈ અથવા શ્રી રાજચંદ્રની ઓળખાણ થઈ. તેઓ ડૉકટરનાં વડીલ ભાઈ પોપટલાલના જમાઈ હતા અને શ્રી રેવાશંકર જગજીવનની પેઢીના ભાગીદાર ને કર્તાહર્તા હતા. તેમની વય તે વેળા ૨૫ વર્ષની હતી, છતાં તે ચારિત્રવાન અને જ્ઞાની હતા, તેમ પહેલી મુલાકાતે જોઈ શક્યા. તેઓ શતાવધાની હતા. શતાવધાનની વાનગી જોઈ, તેમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર્ય અને તેમની આત્મદર્શન કરવાની ભારે ધગશથી તેઓશ્રી મુગ્ધ થયા હતા. આ બાબતમાં આત્મકથામાં લખે છે કે- આત્મદર્શનને ખાતર તે પોતાનું જીવન વ્યતીત કરતા હતા, એમ મેં પાછળથી જોયું.

હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે,
મારું જીવ્યું સફળ તવ લેખું રે;
મુક્તાનંદનો નાથ વિહારી રે,
ઓધા જીવનદોરી અમારી રે.

એ મુક્તાનંદનું વચન તેમને મોઢે તો હતું જ પણ તે તેમના હૃદયમાં અંકિત હતું.

પોતે હજારોનો વેપાર ખેડતા, હીરામોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા, પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો વિષય, તેમનો પુરુષાર્થ તો આત્મઓળખ-હરિદર્શન હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઇ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનિશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે. તેમના લેખોનો જે સંગ્રહ પ્રકટ થયો છે, તેમાંનો ઘણો ભાગ તો આ નોંધપોથીમાંથી લેવાયેલ છે. મનુષ્ય લાખોના સોદાની વાત કરીને તુરત આત્મજ્ઞાનની વાતો લખવા બેસી જાય. તેની જાત વેપારીની નહિ પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહિ પણ અનેક વેળા થયેલો. મેં તેમને કદી મૂર્ચ્છિત સ્થિતિમાં નથી જોયા. મારી જોડે તેમનો કશો સ્વાર્થ નહોતો. તેમના અતિ નિકટ સંબંધમાં હું રહ્યો છું. હું તે વેળા ભિખારી બેરિસ્ટર હતો, પણ જ્યારે હું તેમની દુકાને પહોંચું ત્યારે મારી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાર્તા ન જ કરે. આ વેળા જો કે મેં મારી દિશા જોઈ નહોતી, મને સામાન્ય રીતે ધર્મવાર્તામાં રસ હતો એમ ન કહી શકાય. છતાં રાયચંદભાઇની ધર્મવાર્તામાં મને રસ આવતો. ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યારપછી આવ્યો છું. દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે. પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઇએ પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમનાં ઘણાં વચનો મને સોંસરા ઉતરી જતાં. તેમની બુદ્ધિને વિષે મને માન હતું. તેમની પ્રમાણિકતા વિષે તેટલું જ હતું. ને તેથી હું જાણતો હતો કે તેઓ મને ઇરાદાપૂર્વક આડે રસ્તે નહિ દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો...મારા જીવન ઉપર ઉંડી છાપ પાડનાર આધુનિક ત્રણ મનુષ્યો છે. રાયચંદભાઇએ તેમના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવંત સંસર્ગથી, ટોલસ્ટોયે તેમના "વૈકુંઠ તારા હૃદયમાં છે' નામના પુસ્તકથી, ને રસ્કિને 'અન ટુ ધિસ લાસ્ટ' સર્વોદય નામના પુસ્તકથી મને ચકિત કર્યો." આ રીતે પૂજ્ય મહાત્મા ગાંધીજીને જીવનની શરૂઆતમાં જ આવા એક સંતકોટીના સત્પુરુષનો સત્સમાગમ પ્રાપ્ત થઈ ગયો, અને તેઓશ્રીના જીવનના પાયામાં જ શ્રીમદ્ રાજચંદ્રની આધ્યાત્મિક ઈંટો ગોઠવાઈ ગઈ. ત્યારબાદ તેઓશ્રી વકીલાતના કામે દક્ષિણ આફ્રીકા ૧૮૮૩માં ગયેલા. ત્યાં ખ્રિસ્તી મિત્રોના સંસર્ગથી તેઓ ખ્રિસ્તી ધર્મની ખૂબીઓ વર્ણવતા અને તેઓશ્રીને ખ્રિસ્તી થવા સમજાવી રહ્યા હતા. તેમજ મુસલમાન મિત્રોનો પણ સંસર્ગ હતો. આ બાબતમાં પૂજ્ય મહાત્મા ગાંધીજી આત્મકથામાં લખે છે કે—"હું જેમ ખ્રિસ્તીધર્મનો સ્વીકાર ન કરી શકયો, તેમ હિંદુ ધર્મની સંપૂર્ણતા વિષે અથવા તેના સર્વોપરીપણા વિષે પણ હું ત્યારે નિશ્ચય ન કરી શકયો. ...મેં મારી મુસીબતો રાયચંદભાઈ આગળ મૂકી, હિંદુસ્તાનના બીજા ધર્મશાસ્ત્રીઓ સાથે પણ પત્રવ્યવહાર ચલાવ્યો. તેમના જવાબ ફરી વળ્યા. રાયચંદભાઇના પત્રથી મને કંઈક શાંતિ થઈ. તેમણે ધીરજ રાખવા ને હિંદુધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી. તેમના એક વાકયનો ભાવાર્થ આ હતો—"હિંદુધર્મમાં જે સૂક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષણ છે, દયા છે તેવું બીજા ધર્મમાં નથી એવી નિષ્પક્ષપાતપણે વિચારતાં મને પ્રતીતિ થઈ છે." મારો પત્રવ્યવહાર જારી હતો. રાયચંદભાઇ મને દોરી રહ્યા હતા....મારો હિંદુ ધર્મ પ્રત્યેનો આદર વધ્યો. તેની ખૂબી હું સમજવા લાગ્યો."

આ રીતે દક્ષિણ આફ્રીકામાં જે ધર્મમંથન થયું. તે અંગે શ્રી રાજચંદ્રજી ઉપર, તેઓશ્રીએ પત્રો લખેલા તેમાં એક પત્રમાં ૨૭ પ્રશ્નો હતા. તેનો જવાબ શ્રી રાજચંદ્રજીએ એવા સૂક્ષ્મ આત્માનુભવથી આપેલ છે જે દરેક જિજ્ઞાસુઓને સતધર્મની પ્રાપ્તિમાં સહાયક થાય તેમ છે તેથી તે પ્રશ્નોત્તરોમાંથી ઉપયોગી ભાગ અહીં વાંચકોને પીરસવાનું પ્રાપ્ત થાય છે.

શ્રી સત્પુરુષને નમસ્કાર.

આત્માર્થી ગુણગ્રાહી સત્સંગયોગ ભાઈશ્રી મોહનલાલ પ્રત્યે— શ્રી ડરબન.

શ્રી મુંબઇથી લિ. જીવન્મુક્તદશા ઇચ્છુક રાયચંદના આત્મસ્મૃતિપૂર્વક યથાયોગ્ય પહોંચે. અત્ર કુશળતા છે. તમારું લખેલું એક પત્ર મને પહોંચ્યું છે. કેટલાક કારણોથી તેનો ઉત્તર લખવામાં ઢીલ થઇ હતી...

તમારા લખેલા પત્રમાં જે આત્માદિ વિષય પરત્વે પ્રશ્નો છે અને જે પ્રશ્નોના ઉત્તર જાણવાની તમારા ચિત્તમાં વિશેષ આતુરતા છે, તે બન્ને પ્રત્યે મારું અનુમોદન સહેજે સહેજે છે...તમારા પત્રમાં ૨૭ પ્રશ્નો છે, તેના સંક્ષેપે નીચે ઉત્તર લખું છું.

પ્રશ્ન ૧—" આત્મા શું છે? તે કંઇ કરે છે? અને તેને કર્મ નડે છે કે નહિ?"

**ઉત્તર ૧**—" જેમ ઘટપટાદિ જડ વસ્તુઓ છે, તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે. ઘટપટાદિ 'અનિત્ય' છે. ત્રિકાળ એક સ્વરૂપે સ્થિતિ કરી રહી શકે એવાં નથી. આત્મા એક સ્વરૂપે ત્રિકાળ સ્થિતિ કરી શકે એવો 'નિત્ય' પદાર્થ છે. જે પદાર્થની ઉત્પત્તિ કોઇ પણ સંયોગથી થઈ શકી ન હોય, તે પદાર્થ 'નિત્ય' હોય છે. આત્મા કોઇ પણ સંયોગથી બની શકે એમ જણાતું નથી, કેમકે જડના હજારોગમે સંયોગ કરીએ તો પણ તેથી ચેતનની ઉત્પત્તિ નહિં થઇ શકવા યોગ્ય છે. જે ધર્મ પદાર્થમાં હોય નહીં, તેવા ઘણા પદાર્થોને ભેળા કરવાથી પણ તેમાં જે ધર્મ નથી તે ઉત્પન્ન થઇ શકે નહીં એવો સૌને અનુભવ થઈ શકે એમ છે. જે ઘટપટાદિ પદાર્થો છે, તેને વિષે જ્ઞાનસ્વરૂપતા જોવામાં આવતી નથી. તેવા પદાર્થોના પરિણામાંતર કરી સંયોગ કર્યા હોય, અથવા થયા હોય, તો પણ તે તેવી જ જાતિના થાય અર્થાત્ જડ સ્વરૂપ થાય, પણ જ્ઞાનસ્વરૂપ ન થાય, તો પછી તેવા પદાર્થના સંયોગે આત્મા, કે જેને જ્ઞાની પુરુષો મુખ્ય જ્ઞાનસ્વરૂપ લક્ષણવાળો કહ્યો છે, તે તેવા ઘટપટાદિ ( પૃથ્વી, જળ, વાયુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકાશ ) પદાર્થથી ઉત્પન્ન કોઇ રીતે થઇ શકવા યોગ્ય નથી. ‘ જ્ઞાનસ્વરૂપપણું ’ એ આત્માનું મુખ્ય લક્ષણ છે, અને તેનાં ‘ અભાવવાળું ’ મુખ્ય લક્ષણ જડનું છે. તે બંનેના અનાદિ સહજ સ્વભાવ છે.

આ તથા બીજાં સહસ્ત્રગમે પ્રમાણો આત્માને ‘ નિત્ય ’ પ્રતિપાદન કરી શકે છે. તેમજ તેનો વિશેષ વિચાર કર્યે સહજસ્વરૂપ નિત્યપણે આત્મા અનુભવમાં આવે છે; જેથી સુખ દુઃખાદિ ભોગવનાર, તેથી નિવૃત્તથનાર, વિચારનાર, પ્રેરણા કરનાર, એ આદિ ભાવો જેવા વિદ્યમાનપણાથી અનુભવમાં આવે છે, તે આત્મા મુખ્ય ચેતન (જ્ઞાન) લક્ષણવાળો છે, અને તે ભાવે (સ્થિતિએ) કરી તે સર્વકાળ રહી શકે એવો (નિત્ય) પદાર્થ છે, એમ માનવામાં કંઈ પણ દોષ કે બાધ જણાતો નથી, પણ સત્ય તો સ્વીકાર થવારૂપ ગુણ થાય છે.

આ પ્રશ્ન તથા તમારા બીજા કેટલાક પ્રશ્નો એવા છે કે, જેમાં વિશેષ લખવાનું તથા કહેવાનું અને સમજાવવાનું અવશ્ય છે. તે પ્રશ્ન માટે એવા સ્વરૂપમાં ઉત્તર લખવાનું બનવું હાલ કઠણ હોવાથી, પ્રથમ ‘ ષડ્દર્શનસમુચ્ચય ’ ગ્રંથ તમને મોકલ્યો હતો, કે જે વાંચવા-વિચારવાથી તમને કોઈ પણ અંશે સમાધાન થાય, અને આ પત્રમાં પણ કાંઈ વિશેષ અંશે સમાધાન થાય, એટલું બની શકે; કેમકે તે સંબંધી અનેક પ્રશ્નો ઉઠવા યોગ્ય છે કે જે ફરી ફરી સમાધાન પ્રાપ્ત થવાથી, વિચારવાથી, સમાવેશ પામે, એવી પ્રાયે સ્થિતિ છે.

(૨) જ્ઞાનદશામાં પોતાના સ્વરૂપના યથાર્થ બોધથી ઉત્પન્ન થયેલી દશામાં-તે આત્મા નિજભાવનો એટલે જ્ઞાન, દર્શન, (યથાસ્થિત નિર્ધાર) અને સહજ સમાધિ પરિણામનો કર્તા છે. અજ્ઞાન દશામાં ક્રોધ, માન, માયા, લોભ એ આદિ પ્રકૃતિનો કર્તા છે, અને તે ભાવનાફળનો ભોક્તા થતાં પ્રસંગવશાત ઘટપટાદિ પદાર્થોનો નિમિત્તપણે કર્તા છે, અર્થાત્ ઘટપટાદિ પદાર્થનાં મૂળ દ્રવ્યોનો તે કર્તા નથી, પણ તેને કોઈ આકારમાં લાવવારૂપ ક્રિયાનો કર્તા છે એ જે પાછળ તેની દશા કહી, તેને ‘જૈન’ કર્મ કહે છે, વેદાંત ભ્રાંતિ કહે છે તથા બીજા પણ તેવા અનુસરતા એવા શબ્દ કહે છે. વાસ્તવ્ય વિચાર કર્મથી આત્મા ઘટપટાદિનો તથા ક્રોધાદિનો કર્તા થઇ શકતો નથી. માત્ર નિજસ્વરૂપ એવા જ્ઞાન-પરિણામનો જ કર્તા એ સ્પષ્ટ સમજાય છે.

(૩) અજ્ઞાનભાવથી કરેલાં કર્મો પ્રારંભકાળે બીજરૂપ હોઈ, વખતનો ભોગ પામી ફળરૂપ વૃક્ષ પરિણામે પરિણમે છે, અર્થાત્ કર્મો આત્માને ભોગવવાં પડે છે. જેમ અગ્નિના સ્પર્શે ઉષ્ણપણાનો સંબંધ હોય છે, અને તેનું સહેજે વેદનારૂપ પરિણામ હોય છે, તેમ આત્માને ક્રોધાદિ ભાવના કર્તાપણાએ જન્મ, જરા, મરણાદિ વેદનારૂપ પરિણામ હોય છે. આ વિચારને તમે વિશેષપણે વિચારશો અને તે પરત્વે જે કંઇ પ્રશ્ન હોય તે લખશો. કેમકે જે પ્રકારને સમજી તેથી નિવૃત્ત થવારૂપ કાર્ય કર્યે જીવને મોક્ષદશા પ્રાપ્ત હોય છે.

પ્રશ્ન ૨—“ ઇશ્વર શું છે ? તે જગતકર્તા છે એ ખરું છે ?”

ઉત્તર ૨—“અમે તમે કર્મબંધમાં વસી રહેલા જીવ છીએ. તે જીવનું સહજ સ્વરૂપ એટલે કર્મરહિતપણે માત્ર એક આત્મત્વપણે જે સ્વરૂપ છે, તે ઇશ્વરપણું છે. જ્ઞાનાદિ ઐશ્વર્ય જેને વિષે છે, તે ઇશ્વર કહેવા યોગ્ય છે અને તે ઇશ્વરના આત્માનું સહજ સ્વરૂપ છે. જે સ્વરૂપ કર્મ પ્રસંગે જણાતું નથી, પણ તે પ્રસંગ અન્ય સ્વરૂપે જાણી જ્યારે આત્મા ભણી દૃષ્ટિ થાય છે, ત્યારે અનુક્રમે સર્વજ્ઞતાદિ ઐશ્વર્યપણું તેજ આત્મામાં જણાય છે. અને તેથી વિશેષ ઐશ્વર્યવાળો કોઇ પદાર્થ સમસ્ત પદાર્થો નિરખતા પણ અનુભવમાં આવી શક્તો નથી. જેથી ઇશ્વર છે તે આત્માનું બીજું પર્યાયિક નામ છે. એથી કોઇ વિશેષ સત્તાવાળો પદાર્થ ઇશ્વર છે એમ નથી; એવા નિશ્ચયમાં મારો અભિપ્રાય છે. (૧) તે જગતકર્તા નથી. અર્થાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાણુ આકાશાદિ પદાર્થ નિત્ય હોવા યોગ્ય છે, તે કોઇપણ વસ્તુમાંથી બનવા યોગ્ય નથી. કદાપિ એમ ગણીએ કે, તે ઇશ્વરમાંથી બન્યા છે, તો તે વાત પણ યોગ્ય લાગતી નથી. કેમકે, ઇશ્વરને જો ચેતનપણે માનીએ, તો તેથી પરમાણુ, આકાશ વગેરે ઉત્પન્ન કેમ થઇ શકે ? કેમકે ચેતનથી જડની ઉત્પત્તિ થવી જ સંભવિત નથી. જો ઇશ્વરને જડ સ્વીકારવામાં આવે, તો સ્હેજે તે અનૈશ્વર્યવાન ઠરે છે. તેમજ તેથી જીવ-રૂપ ' ચૈતન્ય પદાર્થ 'ની ઉત્પત્તિ પણ થઇ શકે નહિ. જડ, ચેતન ઉભયરૂપ ઇશ્વર ગણીએ, તો પછી જડ, ચેતન ઉભયરૂપ જગત છે, તેનું ઇશ્વર એવું બીજું નામ કહી, સંતોષ રાખી લેવા જેવું થાય છે; અને જગતનું નામ ઇશ્વર રાખી સંતોષ રાખી લેવો, તે કરતાં જગતને જગત કહેવું એ વિશેષ યોગ્ય છે. કદાપિ પરમાણુ, આકાશાદિ નિત્ય ગણીએ અને ઇશ્વરને કર્માદિનો ફળ આપનાર ગણીએ; તો પણ તે વાત સિદ્ધ જણાતી નથી. એ વિચાર પર 'ષડ્દર્શન-સમુચ્ચય' માં સારા પ્રમાણો આપ્યા છે.

પ્રશ્ન ૩— મોક્ષ શું છે ?

ઉત્તર—જે ક્રોધાદિ અજ્ઞાનભાવમાં દેહાદિમાં આત્માને પ્રતિબંધ છે, તેથી સર્વથા નિવૃત્તિ થવી-મુક્તિ થવી-તે મોક્ષપદ જ્ઞાનીઓએ કહ્યું છે; તે સહજ વિચારતાં પ્રમાણભૂત લાગે છે.

પ્રશ્ન ૪— મોક્ષ મળશે કે નહિ તે ચોક્કસ રીતે આ દેહમાં જ જાણી શકાય ?

ઉત્તર—એક દોરડીના ઘણા બંધથી હાથ બાંધવામાં આવ્યો હોય, તેમાંથી અનુક્રમે જેમ જેમ બંધ છોડવામાં આવે તેમ તેમ તે બંધના સંબંધની નિવૃત્તિ અનુભવમાં આવે છે, અને તે દોરડી વળ છૂટી ગયાનાં પરિણામમાં વર્તે છે, એમ પણ જણાય છે, અનુભવાય છે. તેમજ અજ્ઞાનભાવનાં અનેક પરિણામ-રૂપ બંધનો પ્રસંગ આત્માને છે તે જેમ જેમ છૂટે છે, તેમ તેમ મોક્ષનો અનુભવ થાય છે; અને તેનું ઘણું જ અલ્પપણું જ્યારે થાય છે, ત્યારે સ્હેજે આત્મામાં નિજભાવ પ્રકાશી નીકળીને અજ્ઞાન ભાવરૂપ છૂટી શકવાનો પ્રસંગ છે એવો સ્પષ્ટ અનુભવ થાય છે; તેમજ કેવળ અજ્ઞાનાદિ ભાવથી નિવૃત્તિ થઇ કેવળ આત્માભાવ આજ દેહને વિષે સ્થિતિમાન છતાં પણ આત્માને પ્રગટે છે, અને સર્વ સંબંધથી કેવળ પોતાનું ભિન્નપણું અનુભવમાં આવે છે. અર્થાત્ મોક્ષપદ આ દેહમાં પણ અનુભવમાં આવવા યોગ્ય છે.

પ્રશ્ન ૫— એમ વાંચવામાં આવ્યું કે, માણસ દેહ છોડી કર્મ પ્રમાણે જનાવરોમાં અવતરે, પથરો પણ થાય, ઝાડ પણ થાય, આ બરાબર છે ?

ઉત્તર—દેહ છોડી ઉપાર્જિત પ્રમાણે જીવની ગતિ થાય છે, અને પૃથ્વીકાય એટલે પૃથ્વીરૂપ શરીર ધારણ કરી, બાકીની બીજી ચાર ઇન્દ્રિયો વિના કર્મ ભોગવવાનો જીવને પ્રસંગ પણ આવે છે, તથાપિ તે કેવળ પત્થર કે પૃથ્વી થઇ જાય છે એવું કંઇ નથી. પત્થર-રૂપ કાયા ધારણ કરે, અને તેમાં પણ જીવ, જીવ-પણે જ હોય છે. બીજી ચાર ઇન્દ્રિયોનું ત્યાં અવ્યક્ત-( અપ્રગટ ) પણું હોવાથી 'પૃથ્વીકાયરૂપ જીવ' કહેવા યોગ્ય છે. અનુક્રમે તે કર્મ ભોગવી જીવ નિવૃત થાય છે, ત્યારે ફક્ત પત્થરનું દળ પરમાણું રૂપે રહે છે, પણ જીવ તેના સંબંધથી ચાલ્યા જવાથી આહારાદિ સંજ્ઞા તેને હોતી નથી. અર્થાત્ કેવળ જડ એવો પત્થર જીવ થાય છે એવું નથી. કર્મના વિષયપણાથી ચાર ઇન્દ્રિયોનો પ્રસંગ અવ્યક્ત થઈ, ફક્ત એક સ્પર્શે-ન્દ્રિયપણે દેહનો પ્રસંગ જીવને જે કર્મથી થાય છે, તે ભોગવતાં તે પૃથ્વી આદિમાં જન્મે છે, પણ કેવળ પૃથ્વીરૂપે કે પત્થરારૂપ થઇ જતો નથી, જનાવર થતાં કેવળ જનાવર પણ થઇ જતો નથી. દેહ છે તે જીવને વેશધારીપણું છે, સ્વરૂપપણું નથી.

પ્રશ્ન ૬ઠ્ઠાનું પણ આમાં સમાધાન આવ્યુ છે.

પ્રશ્ન ૭માનું પણ સમાધાનુ આવ્યું છે કે, કેવળ પત્થરે કે પૃથ્વી કંઇ કર્મના કર્તા નથી. તેમાં આવીને ઉપજેલો એવો જીવ કર્મનો કર્તા છે, અને તે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂધ અને પાણીની પેઠે છે. જેમ તે બન્નેનો સંયોગ થતાં પણ દૂધ તે દૂધ છે અને પાણી તે પાણી છે, તેમ એકેન્દ્રિયાદિ કર્મબંધે જીવને પત્થરપણું, જડપણું જણાય છે. તો પણ તે જીવ અંતર તો જીવપણે જ છે. અને ત્યાં પણ તે આહાર, ભયાદિ સંજ્ઞા જે અવ્યક્ત જેવી છે તે પૂર્વક છે.

આ પ્રશ્નોના ઉત્તરો આધ્યાત્મિક અને તાત્વિક હોઈ સંપૂર્ણ દર્શાવ્યા છે. પ્રશ્ન પૂછનાર જિજ્ઞાસુ મહાત્મા ગાંધીજી જેવા મહાપુરુષ છે, અને ઉત્તર આપનાર પણ મહાસમર્થ તત્વજ્ઞાની આર્ષદ્દષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી જેવા તટસ્થ સત્પુરુષ છે.

આ પછીનાં પ્રશ્નોમાં આર્યધર્મ શું ? વેદ કોણે કર્યા ? ગીતા કોણે બનાવી ? પશુયજ્ઞથી જરાય પુણ્ય ખરૂં ? ખ્રિસ્તી ધર્મ બાબત. વિગેરે ઘણાં પ્રશ્નો-જે જે બાબતની મહાત્માજીને શંકા થયેલી તે તે પૂછેલાં અને તેનાં સચોટ—સોંસરવા ઉતરી જાય તેવા જવાબો શ્રીમદે આપેલા. શરૂઆતના પ્રશ્નો તાત્વિક હોઇ તે સંપૂર્ણ આપ્યા છે. બાકીનાં પ્રશ્નો લંબાણ થવાનાં ભયથી અત્રે આપ્યા નથી. જિજ્ઞાસુઓએ તે પત્ર સંપૂર્ણ "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાંથી વાંચી લેવા.

આ પ્રશ્નોનાં ઉત્તરથી પૂજ્ય મહાત્માજીને સંતોષ થયો હતો તેમ તેઓશ્રી શ્રીમદ્ રાજચંદ્રના સંસ્મરણોમાં જણાવે છે. "હિંદુસ્થાનમાં જેઓ ઉપર મારી કંઇ પણ આસ્થા હતી તેમની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમાં રાયચંદભાઇ મુખ્ય હતા. તેમની સાથે તો મને સરસ સંબંધ બંધાઇ ચૂકયો હતો. તેમના પ્રત્યે મને માન હતું તેથી તેમની મારફતે જે મળી શકે તે મેળવવા વિચાર કર્યો, તેનું પરિણામ એ આવ્યું કે, હું શાંતિ પામ્યો. હિંદુ ધર્મમાં મને જે જોઇએ તે મળે એમ છે, એવો મનને વિશ્વાસ આવ્યો. આ સ્થિતિને સારૂ રાયચંદભાઇ જવાબદાર થયા એટલે મારૂં માન તેમના પ્રત્યે કેટલું વધ્યું હોવું જોઇએ તેનો ખ્યાલ વાંચનારને કંઇક આવશે."

અપૂર્વ અવસર એવો કયારે આવશે,
કયારે થઇશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો.
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ? ૧

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહને સંયમ હેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો. ૨

જે વૈરાગ્ય એ કડીઓમાં ઝળહળી રહ્યો છે ને મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયેલો તેમનાં લખાણોથી અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તેજ લખ્યું છે. તેમાં કયાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારૂ એક લીટી સરખી પણ લખી હોય એમ મેં નથી જોયું.

ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઇ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું.

'આ વર્ણન સંયમીને વિષે સંભવે બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઇ શકતો, વીતરાગતા એ આત્માની પ્રસાદી છે, અનેક જન્મના પ્રયત્નો મળી શકે છે. એમ હરકોઇ માણસ અનુભવી શકે છે. રાગોને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિને સ્વાભાવિક હતી એમ મારી ઉપર છાપ પડી હતી.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ મા ચા ર—સા ર

**મુંબઇ** :—તા. ૪ થી જુલાઈના રોજ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ તરફથી નિબંધ હરીફાઈ યોજવામાં આવી હતી. તેમાં ૩૦ વિદ્યાર્થી ભાઈ–બ્હેનોએ લાભ લીધો હતો અને તા. ૫ મી જુલાઈના રોજ વકતૃત્વ હરીફાઈ યોજવામાં આવી હતી તેમાં ૧૭ વિદ્યાર્થી ભાઈ બ્હેનોએ લાભ લીધો હતો.

**મુંબઇ** :—મુંબઈ યુનિવર્સિટીની બી. ઈ. ની પરીક્ષામાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના બે વિદ્યાર્થીઓ શ્રી રમેશચંદ્ર શાહ અને શ્રી દિનેશ સુરજમલ પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા છે. તે બન્નેને યુનિવર્સિટી તરફથી પારિતોષિક મળે છે. તેમને અભિનંદન.

**ભુજપુર (કચ્છ)** :—માં અચળગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી હાઈસ્કૂલનું શ્રી ક્ષમાનંદજી મહારાજના હસ્તે તા. ૭–૭–૫૯ ને દિવસે ઉદ્ઘાટન થયું હતું.

**ભાવનગર** :—સં. ૨૦૧૫ના શ્રાવણ શુદી ૬ને સોમવારે શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સુખડીઆ પાઈફંડ વિદ્યાર્થીગૃહના નવા છાત્રાલયનું ઉદ્ઘાટન થવાનું છે.

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ મંડળ ભાવનગર તરફથી તેર પાઠશાળાઓની લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ બાળકો ને બાલિકાઓને ઈનામ આપવાનો મેળાવડો તા. ૫–૭–૫૯ના રોજ શ્રી સમવસરણના વંડામાં પૂજ્ય ઉપાધ્યાયશ્રી કૈલાસસાગરજીની નિશ્રામાં યોજાયો હતો. આ સભામાં મંડળની કાર્યવાહીનો સંક્ષિપ્ત હેવાલ, સરવૈયું વગેરે રજુ કરવામાં આવ્યા હતા અને શ્રીયુત પ્રાણજીવનદાસ હરગોવિંદદાસ ગાંધીએ પ્રવચન કર્યું હતું. તે પછી તેમના વરદ હસ્તે ઇનામોની વહેંચણી થઇ હતી.

**વેજલપુર** :—શ્રી વીશા નીમા જૈન સમસ્ત જ્ઞાતિ મંડળનું ચતુર્થ અધિવેશન તા. ૭–૮–૯ જુલાઈના રોજ શેઠ શ્રી વાડીલાલ મનસુખરામ પારેખના પ્રમુખસ્થાને મળ્યું હતું. તેમાં લગ્નના ખર્ચા ઓછા કરવા, તેમજ જ્ઞાતિમાં કેળવણીના પ્રચાર અંગે કાર્ય કરવા વિચારણા થઈ હતી.

**ભાવનગર** :—ઉપાધ્યાયશ્રી કૈલાસસાગરજી મહારાજશ્રી અત્રે શ્રી સમવસરણના વંડામાં બિરાજમાન છે. તેમના તથા પંન્યાસજી સુબોધસાગરજીના વ્યાખ્યાનમાં જૈન જૈનેતર જનતા સારો લાભ લે છે. તા. ૧ અને તા. ૨ ઓગસ્ટના રોજ તેમણે બીજા મુનિરાજો તથા શિક્ષક ભાઈઓના સહકારથી ધાર્મિક મૌખિક પરીક્ષા લીધી હતી. તેમાં ભાવનગરની લગભગ દરેક પાઠશાળાના બાળકો અને બાળિકાઓએ પરીક્ષા આપી હતી. રાત્રીના સમયે પ્રતિક્રમણ પછી ધર્મવાર્તાલાપ અને પ્રશ્નોત્તરીમાં તેઓશ્રીએ ધર્મપ્રેમીઓમાં સારો રસ જગાડ્યો છે. તેઓશ્રીના આ કાર્યો અત્યંત પ્રશંસનીય છે.

આ અંકથી સમાચાર–સારનું આ પાનું શરૂ કરીએ છીએ. જે શાસનપ્રભાવનાના, કેળવણીપ્રચારના કે સમાજસુધારણાના જે જે કાર્યો થાય તેને અંગે ટૂંકમાં અમોને તા. ૩૦ મી સુધીમાં પહોંચે તે રીતે સમાચાર કાગળની એક બાજુ લખી મોકલવા વિનંતી છે.

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ** ( વિક્રમ સં. ૨૦૧૬ )–કર્તા પંન્યાસ શ્રી વિકાસવિજયજી મ૦ પ્રકાશક : અમૃતલાલ કેવળદાસ મહેતા, ઠે. નાગજી ભુદરની પોળ અમદાવાદ. કિં. એક રૂપિયો. ૨૫ વર્ષથી નિયમિત પ્રગટ થતું આ પંચાંગ ઘણું ઉપયોગી પુરવાર થયું છે. અનેક આચાર્યો અને મુનિવરોએ તેની મહત્તા સ્વીકારી છે. આ પંચાંગનું તિથિ વગેરેનું ગણિત આચાર્ય શ્રી મહેન્દ્રસૂરિજી મહારાજના યંત્રરાજમાં બતાવેલ પદ્ધતિ પ્રમાણે કરેલ છે. પંચાંગમાં ભારતનો સ્ટાન્ડર્ડ ટાઈમ આપીને કર્તાશ્રીએ તેના ઉપયોગમાં સરળતા કરી છે. આ પંચાંગ અનેક રીતે વાંચકોને ઉપયોગી થઈ પડે તેવું છે.

**શ્રી જૈન શાસનની જયપતાકા** :—ભાગ બીજો. લેખક પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ. મૂલ્ય રૂપીઆ સાત. પ્રકાશક : આર્ય જંબુસ્વામી જૈન મુક્તાબાઈ જ્ઞાનમંદિર, શ્રીમાળીવાગો ડભોઈ :— આ ગ્રન્થનો પહેલો ભા. સં. ૨૦૧૩માં પ્રગટ થઈ ચૂકયો છે. આ બીજા વિભાગમાં શ્રીમદ્ વિજયજંબૂ-સૂરિજીનો જીવનપરિચય તેમજ તેમણે કરેલ શાસનપ્રભાવનાના કાર્યોનું વિશદ વર્ણન આપવામાં આવ્યું છે. સૂરિજી બાળપણથી જ સારા અને સંસ્કારી વાતાવરણમાં ઉછર્યા છે. તેમણે વિદ્યાર્થી અવસ્થામાં વ્યવહારિક જ્ઞાનની સાથોસાથ ધાર્મિક અભ્યાસ ખૂબ કર્યો અને પૂજ્ય આ.શ્રી વિજયદાનસૂરીશ્વરજી તેમજ શ્રી વિજયપ્રેમસૂરિજીના પરિચયે તેમનામાં અનેરી પ્રેરણા પ્રગટી, અને પરિણામે જૈન સમાજને એક મહાપ્રભાવશાળી, વિદ્યાના સાચા ઉપાસક, તપ અને સંયમમાં અડગ શ્રદ્ધાવાન શાસનપ્રભાવનાના સતત પ્રયત્નશીલ સૂરીશ્વરશ્રી જમ્બૂસૂરીશ્વરજી જેવા રત્ન સાંપડયા. પૂજ્યશ્રીનું જીવન હજી જૈન શાસનની જયપતાકા વધારે ફરકાવે એવી અભિલાષા.

**श्रीमद् देवचंद्रजीकृत चतुर्विंशति जिन स्तवन** :—સંપાદક : ઉમરાવચંદ જરગડ, પ્રકાશક : જિનદત્તસૂરિ સેવા સંઘ, મુંબઈ નં. ૨, મૂલ્ય : બે રૂપીઆ.

શ્રી ચનસુખદાસ ન્યાયતીર્થના શબ્દમાં કહીએ તો " શ્રી દેવચંદ્રજીકૃત ચતુર્વિંશતિ જિન સ્તવન સાહિત્યની ઉત્તમ રચના છે. કવિશ્રીએ આ સ્તવનોમાં ભકિતની સાથોસાથ દાર્શનિક તત્ત્વોનો પણ સમાવેશ કર્યો છે. " ખરેખર આ સ્તવનો વાંચતા અલૌકિક આનંદ થાય છે. પુસ્તકની શરૂઆતમાં શ્રી દેવચંદ્રજીનું જીવન તથા તેમની રચનાઓ વિષેની માહિતી વિદ્વાનોને તેમજ સાહિત્યરસિકોને ઘણી જ ઉપયોગી છે.

**શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મુમુક્ષુ શાંતિનિકેતન**–પાલીતાણા નામની સંસ્થાનો સંવત ૨૦૧૩ના વૈશાખ વદ ૧૧ થી સંવત ૨૦૧૪ના આસો વદ ૦)) સુધીનો રિપોર્ટ મળ્યો. વ્યવસ્થાપક કમિટિનો રિપોર્ટ વાંચતા જણાય છે કે આ સંસ્થા ઘણા સારા ઉદ્દેશથી સ્થપાયેલી છે. તેના ઉદ્દેશ જોતાં કહી શકાય કે આવી સંસ્થા આપણા સમાજમાં અજોડ છે. એવી સંસ્થાની ખરેખર આ યુગમાં ઘણી જ આવશ્યકતા છે. આધ્યાત્મિક શાંતિ ઈચ્છતા ભાઈઓને આ સંસ્થા ઘણી ઉપયોગી નીવડશે. આ સંસ્થાના સાધકોએ કરેલી સાધના–તપ–વગેરેની માહિતી જોતાં એ ખરેખર ઘણી જ પ્રશંસનીય કાર્ય કરી રહી છે. ' તટસ્થતા ' એ આ સંસ્થાની વિશિષ્ટતા છે અને તેથી એ સંસ્થા જરૂર ફાલીફુલી આગળ વધશે એમાં કંઈ શંકા નથી. અનેક મુનિવર્યોની શુભેચ્છાઓ આ સંસ્થાને મળી છે, અને સમાજ પણ તેને સારો સહકાર આપશે એવી આશા રાખીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B 431

# સામ્રાજ્ય સાધુતાનું

જગતમાં સર્વાંશે જોઇશું તો જણાશે કે દુષ્ટતાનું સામ્રાજ્ય નથી, સામ્રાજ્ય કેવળ સાધુતાનું છે. દુષ્ટો કરોડો હોય ત્યારે દુષ્ટતા ચાલી શકે છે. પણ સાધુતા ફક્ત એકમાં જ મૂર્તિમંત હોય ત્યારે પણ એ સામ્રાજ્ય ભોગવી શકે છે. અહિંસાનો પ્રભાવ એટલો વર્ણવ્યો છે કે એની સામે હિંસા શમી જ જાય. અહિંસા સામે પશુઓ પણ પશુતા મૂકી દે છે. એક જ સાધુપુરુષ જગતને સારૂ બસ થઈ જાય છે. એનું સામ્રાજ્ય ચાલે છે, આપણું સામ્રાજ્ય નથી ચાલતું, કારણ આપણે તો જેમ તેમ કરીને આપણું ગાડું ચલાવીએ છીએ. પેલો સાધુપુરુષ લખી મોકલે ને તે પ્રમાણે બધું થઈ જાય, એવું સાધુતાનું સામ્રાજ્ય છે. જ્યાં દુષ્ટતા છે ત્યાં બધું અસ્તવ્યસ્ત હોય છે. સાધુતા હોય ત્યાં સુવ્યવસ્થિત તંત્ર ચાલે છે, માણસો સુખી થાય છે. એ સુખ ખાવાપીવાનું સુખ નહિ પણ માણસો સદાચારી અને સંતોષી થાય એનું સુખ છે. નહિ તો માણસો કરોડો હોવા છતાં બેબાકળા ફરે છે, એ સુખની નિશાની નથી.

ગાંધીજી

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only